RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 144* Date: 23.03.2022 Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## મોંઘવારીએ સામાન્ય લોકોના ખિસ્સા ખાલી કર્યાઃ સુરજેવાલા

નવીદિલ્હી,તા.૨૨

ભારતમાં મોંઘવારીએ સામાન્ય લોકોના ખિસ્સા ખાલી કરી દીધા છે. હકીકતમાં મંગળવારથી એટલે કે આજથી દેશમાં પેટ્રોલ અને ડીઝલની કિંમતોની સાથે એલપીજીના ભાવમાં પણ વધારો નોંધાયો હતો. સરકારી માલિકીની ઓઈલ માર્કેટિંગ કંપની ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશને આજે એલપીજીના ભાવમાં રૂ. ૫૦નો વધારો કર્યો છે. તેનાથી જનતાના રસોડાના બજેટમાં વધારો થશે અને લોકોના ખિસ્સા પર મોટી અસર પડશે.કોંગ્રેસે વધતી મોંઘવારીને લઈને ભાજપ પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને રાષ્ટ્રીય પ્રવક્તા રણદીપ સુરજેવાલાએ ગેસના ભાવ વધારાને ધ્યાનમાં રાખીને ટ્વીટ કરીને કહ્યું કે, ભાજપ મોંધવારી લાવી. તેણે પોતાના ટ્વિટમાં કહ્યું કે હવે ગેસ સિલિન્ડરમાં ૫૦ રૂપિયાનો વધારો થયો છે. દિલ્હી અને મુંબઈમાં ગેસની કિંમત ૯૪૯.૫૦ છે. જ્યારે લખનૌમાં રૂ.૯૮૭.૫૦. કોલકાતામાં ગેસની કિંમત ૯૭૬ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૬૫.૫૦ રૂપિયા છે.



આજે મંગળવારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૮૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો, જ્યારે ઘરેલુ રાંધણ ગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. સૂત્રોએ આ માહિતી આપી હતી. આ રીતે, ચૂંટણી પ્રવૃતિઓને કારણે દરોમાં સુધારો કરવા પરનો સાડા ચાર મહિનાનો મોરેટોરિયમ સમાપ્ત થયો. દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે ૯૬.૨૧ રૂપિયા પ્રતિ લીટર થશે જે પહેલા ૯૫.૪૧ રૂપિયા હતી, જ્યારે ડીઝલની કિંમત ૮૬.૬૭ રૂપિયા પ્રતિ લીટરથી વધીને ૮૭.૪૭ રૂપિયા થઈ ગઈ છે. આ સાથે રાષ્ટ્રીય રાજધાનીમાં સબસિડી વગરના ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરની કિંમત વધીને ૯૪૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે.

### દિલ્હીમાં પેટ્રોલની કિંમત હવે ૯૬.૨૧ રૂપિયા પ્રતિ લીટર થશે જે પહેલા ૯૫.૪૧ રૂપિયા હતી

એલપીજીના દરમાં છેલ્લે ૬ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ સુધારો કરવામાં આવ્યો હતો. પેટ્રોલ અને ડીઝલના ભાવ ૪ નવેમ્બરથી સ્થિર હતા.

જુલાઈ અને ઑક્ટોબર ૨૦૨૧ વચ્ચે એલપીજીના ભાવમાં સિલિન્ડર દીઠ ૧૦૦ રૂપિયાનો વધારો થયો હતો. જો કે, કાચા માલના ખર્ચમાં વધારો થવા છતાં એલપીજી અને ઓટો ઈંધણ બંનેના ભાવ ત્યારથી સ્થિર હતા.

એલપીજીની કિંમતમાં આટલો વધારો ઓક્ટોબર ૨૦૨૧ પછી પહેલીવાર થયો છે, જો કે આ સમયગાળા દરમિયાન સબસિડી વગરના ગેસ સિલિન્ડરની કિંમતમાં વધારો થયો છે પરંતુ ઘરેલુ એલપીજી સિલિન્ડરની કિંમતમાં વધારો કરવામાં આવ્યો નથી.

## સોનિયા ગાંધી હિમાચલ અને ગુજરાત માટે પહેલેથી જ સક્રિય



નવીદિલ્હી,તા.૨૨

પાંચ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણીમાં નિરાશાજનક પરિણામો બાદ કોંગ્રેસ સતર્ક થઈ ગઈ છે. કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીએ ગુજરાત અને હિમાચલ પ્રદેશના નેતાઓને દિલ્હી બોલાવ્યા છે. ગુજરાતમાં ૨૦૨૨માં જ વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ ઉપરાંત આવતા વર્ષે હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજાવાની છે. સોનિયા ગાંધીએ હિમાચલના ૧૨ નેતાઓને દિલ્હી બોલાવ્યા છે.

પાર્ટીના વરિષ્ઠ નેતાઓના જણાવ્યા અનુસાર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ જગદીશ ઠાકુર, સુખરામ રાઠવા, વિપક્ષના નેતા અર્જુલ મોઢવાડિયા અને અન્ય નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા છે.

તેઓ સોનિયા ગાંધી સાથેની બેઠકમાં હાજરી આપશે.

સોનિયા ગાંધીને ખબર હતી કે ગુજરાતમાં કેટલાક નેતાઓ ભાજપ તરફ વળ્યા છે. હાલમાં જ રાજસ્થાનના મુખ્યમંત્રીના સલાહકાર અને અપક્ષ ધારાસભ્ય સંયમ લોઢાએ એક ટ્વીટ કર્યું હતું જેમાં લખ્યું હતું કે ગુજરાત ભાજપ કોંગ્રેસના ૧૦ ધારાસભ્યોને લલચાવવાનો પ્રયાસ કરી રહી છે.

૨૦૧૭માં ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી અને કોંગ્રેસે ૭૭ સીટો જીતી હતી. જો કે હવે કોંગ્રેસ પાસે માત્ર ૬૫ ધારાસભ્યો છે. ગુજરાત કોંગ્રેસે જણાવ્યું છે કે સોનિયા ગાંધી સાથેની આ મુલાકાત આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા અને આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીઓ અંગે છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધી દેવભૂમિ દ્વારકા ખાતે શિબિરમાં હાજરી આપી હતી. ત્યાં ઘણા ધારાસભ્યોએ રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી સાથે સીધી વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શિબિર દરમિયાન આ શક્ય ન હતું તેથી નેતાઓને દિલ્હી બોલાવવામાં આવ્યા છે.

દરમિયાન રાઠવાએ દાવો કર્યો હતો કે ભાજપમાં જોડાયેલા કોંગ્રેસના નેતાઓ ત્યાં સંતુષ્ટ નથી અને તેઓ ફરીથી કોંગ્રેસમાં જોડાવાની ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

## ધ કાશ્મીર ફાઈલ્સઃ કોટામાં એક મહિના માટે કલમ ૧૪૪ લાગૂ, ભાજપે નારાજગી વ્યક્ત કરી

કોટા,તા.૨૨

રાજસ્થાનના કોટામાં થિયેટરોમાં ફિલ્મ ધ કાશ્મીર ફાઈલ્સનું સ્ક્રિનિંગ થઈ રહ્યું છે. જેને લઈને થઈ રહેલા વિરોધ પ્રદર્શનના પગલે અધિકારીઓએ ૨૨ માર્ચથી ૨૧ એપ્રિલ સુધી જિલ્લામાં કલમ ૧૪૪ લાગૂ કરવાનો આદેશ આપ્યો. આ પગલું અનેક તહેવારો પહેલા સાવધાની વર્તતા ઉઠાવવામાં આવ્યું છે.

ધ કાશ્મીર ફાઈલ્સના સ્ક્રિનિંગ સાથે કાયદો વ્યવસ્થા જાળવી રાખવા માટે આ પ્રશાસનિક આદેશ બહાર પાડવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર તથા જિલ્લાધિકારી (કાર્યવાહક) રાજકુમાર સિંહ તરફથી બહાર પાડવામાં આવેલા આદેશ હેઠળ ભીડ જવા થવા, વિરોધ પ્રદર્શન કરવા, જૂલુસ અને માર્ચ કાઢવા પર રોક લગાવવામાં આવી છે. આ દરમિયાન ચેટીચંદ, મહાવીર જયંતી, ગુડ ફ્રાઈડે, વૈશાખી, જુમા તુલ વિદા જેવા તહેવારો પણ આવશે. અધિકૃત આદેશમાં કહેવાયું છે કે આ આદેશ સરકારી કાર્યો, કોવિડ રસીકરણ અને પોલીસ કાર્યક્રમો પર લાગૂ થશે નહીં.

આ પ્રતિબંધને લઈને ફિલ્મ દિગ્દર્શક વિવેક રંજન અગ્નિહોત્રીએ આકરો વિરોધ વ્યક્ત કર્યો છે. ધ કાશ્મીર ફાઈલ્સના દિગ્દર્શક વિવેક રંજન અગ્નિહોત્રીએ સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુર અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતને આ મામલે હસ્તક્ષેપ કરવાની માંગણી કરી છે. આ નિર્ણયને લઈને ભાજપના નેતાઓએ નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે તેઓ આવા આદેશો અને આ કલમોથી ડરતા નથી.

આ આદેશને લઈને આજથી કોટા ભાજપે સમગ્ર શહેરમાં પ્રદર્શન કરવાની જાહેરાત કરી છે. ભાજપની મહિલા વિંગે કહ્યું કે આ નિર્ણયના વિરોધમાં માર્ચ કાઢવામાં આવશે.

## રાષ્ટ્રીય સ્તરે પરિવર્તન લાવવા પ્રશાંત કિશોર સાથે ચર્ચા કરી રહ્યો છું : ચંદ્રશેખર રાવ

હૈદરાબાદ,તા.૨૨

તેલંગણાના મુખ્યમંત્રી ચંદ્રશેખર રાવે જણાવ્યું છે કે તેઓ રાષ્ટ્રીય સ્તરે પરિવર્તન લાવવા માટે ચુંટણી વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોર સાથે ચર્ચા કરી રહ્યાં છે.છેલ્લા કેટલાક સમયથી કેસીઆર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ વિરૂધ્ધ મોરચો બનાવવા માટે વિરોધ પક્ષોને એક કરવા માટે પ્રયાસ કરી રહ્યાં છે.રાવે કહ્યું હતું કે રાષ્ટ્રીય સ્તર પર પરિવર્તન લાવવા માટે પ્રશાંત કિશોર સાથે મારી વાત ચાલી રહી છે કિશોર આ મામલે મારી સાથે કામ કરી રહ્યાં છે. તેમણે કહ્યું કે જયારે વડાપ્રધાન તેલંગણાની મુલાકાતે આવ્યા હતાં ત્યારે તેઓ આરોગ્યને કારણે હાજરી આપી શકયા ન હતાં.તેમણે કહ્યું કે જો ચુંટણી હોત તો તેઓ દાઢી વધારી દેત અને રવિન્દ્રનાથ ટાગોર જેવા દેખાત,જો તે તમિલનાડુમાં હોત તો તેઓ લુંગી પહેરી લેત શું આવી યુક્તિઓથી દેશ ચાલશે પંજાબની ચુંટણી થાય તો તેઓ પાઘડી પહેરે છે મણિપુર અને ઉતરાખંડ જાય તો ત્યાંની પરંપરાગત ટોપી પહેલી લે છે શું વડાપ્રધાનની યુક્તિઓથી દેશ ચાલશેકિશોર સાથે ૩૦૦ કરોડના કોન્ટ્રાકટની વાતને નકારી કાઢતા મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રશાંત કિશોર છેલ્લા ૭-૮ વર્ષથી મારા સારા મિત્ર છે તેમણે કયારેય પૈસા માટે કામ કર્યું નથી તેઓ પૈસા માટે કામ કરનાર કર્મચારી નથી મને અફસોસ છે કે તમે તેમની દેશ પ્રત્યેની પ્રતિબધ્ધતાને સમજી શકયા નથી.કિશારને તમિલનાડુમાં એમકે સ્ટાલિનની આગેવાની હેઠળની ડીએમકે આંધપ્રદેશમાં જગન મોહન રેડ્ડીની આગેવાની હેઠળ વાયએસઆર કોંગ્રેસ અને પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જીની આગેવાની હેઠળ ટીએમસીની ઝુંબેશને સફળતાપૂર્વક સંભાળવાનો શ્રેય આપવામાં આવે છેપોતાના ભાજપ વિરોધી વિચારો માટે જાણીતા અભિનેતા પ્રકાશ રાજ પણ પ્રશાંત કિશોરના તેલંગણા પ્રવાસ દરમિયાન સાથે હતાં આથી એવી ચર્ચા શરૂ થઇ હતી કે ટીઆરએસ રાષ્ટ્રીય સ્તરના અભિપ્રાય માટે પ્રકાશ રાજને રાજયસભામાં મોકલી શકે છે.

## વિશ્વના સૌથી મોટા મંદિર માટે મુસ્લિમ પરિવારે ૨.૫ કરોડ રૂપિયાની જમીન દાનમાં આપી

પટણા,તા.૨૨

દેશમાં તમામ મુદ્દાઓ પર ધાર્મિક મતભેદો વચ્ચે બિહારમાં સાંપ્રદાયિક સૌહાર્દની મિસાલ બેસાડનાર એક સમાચાર સામે આવ્યા છે. એક મુસ્લિમ પરિવારે વિશ્વના સૌથી મોટા મંદિરના નિર્માણ માટે તેમની ૨.૫ કરોડ રૂપિયાની જમીન દાનમાં આપી છે. વિશ્વનું સૌથી મોટું મંદિર, વિરાટ રામાયણ મંદિર, પૂર્વ ચંપારણના કૈથવાલિયા વિસ્તારમાં બનાવવામાં આવી રહ્યું છે. સોમવારે પત્રકારો સાથે વાત કરતા પટનાના મહાવીર મંદિર ટ્રસ્ટના વડા આચાર્ય કિશોરે આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે ઈશ્તિયાક અહેમદ ખાને આ જમીન દાનમાં આપવાનો નિર્ણય કર્યો છે. તે પૂર્વ ચંપારણના છે અને ગુવાહાટીમાં ધંધો કરે છે

ઈશ્તિયાકે તાજેતરમાં જ મંદિરને જમીન દાનમાં આપવા સંબંધિત તમામ ઔપચારિકતાઓ પૂર્ણ કરી હતી. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી કુણાલે જણાવ્યું હતું કે આ ઔપચારિકતાઓ પૂર્વ ચંપારણના સબ-ડિવિઝન કેશરિયાની રજિસ્ટ્રાર ઑફિસમાં પૂરી કરવામાં આવી હતી. આચાર્યએ જણાવ્યું હતું કે ઈશ્તિયાક ખાનના પરિવાર દ્વારા આ જમીનનું દાન સામાજિક સમરસતા અને ભાઈચારાનું ઉત્તમ ઉદાહરણ છે. મુસ્લિમોના સહકાર વિના આ સુવર્ણ પ્રોજેક્ટ પૂર્ણ થવો મુશ્કેલ હતો. મહાવીર મંદિર ટ્રસ્ટે મંદિરના નિર્માણ માટે અત્યાર સુધીમાં ૧૨૫ એકર જમીન સંપાદિત કરી છે.

ટ્રસ્ટ ટૂંક સમયમાં વધુ ૨૫ એકર જમીન સંપાદન કરશે.વિરાટ રામાયણ મંદિર વિશ્વ પ્રસિદ્ધ અને ૧૨મી સદીના અંગકોર વાટ મંદિર કરતાં પણ ઊંચું હશે. અંગકોર વાટ મંદિરની ઊંચાઈ ૨૧૫ મીટર છે. પૂર્વ ચંપારણના સંકુલમાં ઊંચા શિખરો સાથે ૧૮ મંદિરો હશે અને તેના શિવ મંદિરમાં વિશ્વનું સૌથી મોટું શિવલિંગ હશે. આ મંદિરનો ખર્ચ લગભગ ૫૦૦ કરોડ રૂપિયા થશે.

**ઇમરાન ખાનની વિદાય લગભગ નિશ્ચિત!**

## નવાઝ શરીફની પાર્ટીએ વડાપ્રધાન ઉમેદવારનું નામ જાહેર કર્યું

ઈસ્લામાબાદ,તા.૨૨

પાકિસ્તાનમાં ચાલી રહેલી રાજકીય ઉથલપાથલ વચ્ચે વડાપ્રધાન ઈમરાન ખાનની ખુરશી જશે તે લગભગ નિશ્ચિત છે. રાજકીય અટકળો વચ્ચે પાકિસ્તાનના પૂર્વ પીએમ નવાઝ શરીફની પાર્ટી પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝે નવા પીએમ ઉમેદવારનું નામ જાહેર કર્યું છે.

નવાઝ શરીફની પુત્રી અને પીએમએલ-એન ઉપાધ્યક્ષ મરિયમ નવાઝે જણાવ્યું કે પાર્ટીએ શહેબાઝ શરીફને પીએમ પદના ઉમેદવાર બનાવવાનો નિર્ણય કર્યો છે.

તેમણે આશા વ્યક્ત કરી છે કે ઈમરાન ખાન વિરુદ્ધ લાવવામાં આવેલો અવિશ્વાસ પ્રસ્તાવ સફળ થશે.

ઈસ્લામાબાદ હાઈકોર્ટની બહાર એક પ્રેસ કોન્ફરન્સને સંબોધતા મરિયમે કહ્યું કે તમામ વિપક્ષી પાર્ટીઓ બેસીને નિર્ણય કરશે કે કોને પીએમ પદ માટે નવો ઉમેદવાર બનાવવો જોઈએ, પરંતુ પાર્ટી શાહબાઝ શરીફને ઉમેદવાર બનાવશે.

મરિયમ નવાઝે વધુમાં કહ્યું કે, ઈમરાન અવિશ્વાસ પ્રસ્તાવના ડરથી નેશનલ એસેમ્બલીના સત્રમાં વિલંબ કરવા ઈચ્છે છે.


આ બંધારણનું સ્પષ્ટ ઉલ્લંઘન અને કલમ ૬નું ઉલ્લંઘન હતું. તેમણે કહ્યું કે જ્યારે આ બન્યું ત્યારે અમે કોર્ટનો સંપર્ક કરવાનો નિર્ણય લીધો હતો. તેણે ઈમરાન ખાનને ચેતવણી આપતા કહ્યું કે હવે તેની રમત પૂરી થઈ ગઈ છે. તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ તૂટી ગઈ છે.

ઈમરાન જાણે છે કે તેના બચાવમાં કોઈ આગળ નહીં આવે.

## નામ ઠાકરે સરકારનું છે અને અસલી લાભ પવાર સરકાર લઇ રહી છે : શિવસેના સાંસદ

મુંબઇ,તા.૨૨

શિવસેનાના સાંસદ ગજાનન કીર્તિકરે એક રસપ્રદ નિવેદન આપતા કહ્યું છે કે ભલે જ મહારાષ્ટ્રમાં નામ ઉદ્ધવ ઠાકરે સરકારનું છે પરંતુ અસલી લાભ તો પવાર સરકારને મળી રહ્યો છે.ગઠબંધન સરકારની ભાગીદાર એનસીપી પર ટીપ્પણી કરતા કીર્તિકરે રત્નાગિરીમાં કહ્યું કે તેને ઠાકરે સરકાર કહેવામાં આવે છે પરંતું અસલી લાભ તો પવાર સરકારને મળી રહ્યો છે.એક સવાલનો જવાબ આપતા ગજાનને કહ્યું કે હું રત્નાગિરીથી કોઇ ચુંટણી લડવા માંગતો નથી મુંબઇમાં અમને મુખ્યમંત્રી અને નગર વિકાસ ફંડ દ્વારા ખુબ રકમ મળે છે ગ્રામીણ વિસ્તારના જનપ્રતિનિધિઓને ગામોમાં કામ કરવા પડે છે હું મારા તરફથી જેટલી સંભવ હોય તેટલી મદદ કરૂ છું.



સાંસદે કહ્યું કે સરકારથી ફંડ હાંસલ કરવા માટે સખ્ત પ્રતિસ્પર્ધા છે હું અહીં એનસીપીનું નામ લેવા માંગુ છું.અમે સરકારને ઉદ્ધવ ઠાકરે સરકારના નામથી જાણીએ છીએ પરંતુ અસલી લાભ તો પવાર સરકારને મળી રહ્યો છે.આજ કારણથી સરકારમાં તનાવની સ્થિતિ પેદા થઇ રહી છે.ગજાનન કીર્તિકરે રત્નાગિરીના દાપોલીમાં આયોજીત એક કાર્યક્રમને સંબોધતા આ વાતો કરી હતી.આ પ્રસંગે ધારાસભ્ય યોગેશ કદમ અને શિવસેનાના અન્ય સ્થાનિક નેતાઓ પણ હાજર હતાં એ યાદ રહે કે મહારાષ્ટ્રની મહાવિકાસ અઘાડી સરકારમાં સામેલ કોંગ્રેસ અને શિવસેનાના નેતા સતત વિકાસ માટે ઓછો ફંડ મળવાની ફરિયાદ કરતા રહે છે.

વિરોધ પક્ષના નેતા દેવેન્દ્ર ફડનવીસે પણ આ મુદ્દાને મહારાષ્ટ્ર વિધાનસભામાં ઉઠાવ્યો હતો તેમનું કહેવુ હતું કે આ ગઠબંધન સરકારમાં ત્રણ પક્ષ સામેલ છે પરંતુ અસલી લાભ એનસીપીને જ મળી રહ્યો છે.તેમના નેતાઓને કોંગ્રેસ અને શિવસેનાની સરખામણીમાં વધુ ફંડ ફાળવવામાં આવે છે.ભાજપના નેતા અતુલ ભાટકલકરે પણ શિવસેનાના સાંસદના નિવેદન પર ટીપ્પણી કરી છે.

## તંત્રી સ્થાનેથી...

# જાતે જ ડોક્ટર બનવાનું ડહાપણ ન કરશો

આજકાલ દવાખાનાઓના દર્દીઓથી ઊભરાઈ રહ્યાં છે. આપણે ત્યાં દિવાળીના દિવસો પહેલાની આ ઋતુમાં ઠંડી, ગરમી, ભેજનું પ્રમાણ એવું હોય છે કે માંદગી ફેલાય. આ ઋતુમાં માખી, મચ્છરનો ઉપદ્રવ પણ એટલો વધે છે કે રોગચાળો બેફામ ફેલાય.

બીજી તરફ આપણે ત્યાં આરોગ્યની જાળવણી માટેની જાગૃતિ પણ અગાઉ કરતાં અનકે ગણી વધી છે. બહુ સારી બાબત છે, પરંતુ આપણું એવું છે કે જેની પાછળ લાગીએ એની પાછળ લાગી જ પડીએ છીએ. આયુર્વેદ તો આયુર્વેદ. એલોપથી તો એલોપથી અને એમાં નિષ્ફળતા મળે તો હોમિયોપથી પણ હાજર  છે! અને હમણાં સુધી એમાં બહુ નુકસાન નહોતું, પરંતુ આધુનિક દવાઓ એવી છે કે કોઈ નિષ્ણાત ડોક્ટરની સલાહ વિના લેવાથી એ ભારે નુકસાનકારક નીવડી શકે છે.

આપણાં સ્કૂટર, બાઈક કે કાર બગડે તો આપણે એના નિષ્ણાતને બતાવીએ છીએ પણ આપણા શરીરના બાબતમાં એના ઉપર ગમે તેવા અખતરા કરવા તૈયાર થઈ જઈએ છીએ. નિષ્ણાત ડોક્ટર પાસે જવાનો ભાગ્યે જ આગ્રહ રાખીએ છીએ. લેભાગુ ડોક્ટર અને ઊંટવૈદ્યો દવાઓ આપવામાં પાછું વળીને જોતા નથી. મૂઠીઓ ભરીને વિટામિન્સની ગોળીઓ તો ઠીક પરંતુ જોખમી હોય એવી એન્ટિબાયોટિક્સ પણ જથ્થાબંધ આપી દે છે વળી કેટલીક દવાઓ અને પ્રયોગો તો આપણે જાહેરાતો વાંચીને કરતાં હોઈએ છીએ, પરંતુ આપણે એ સમજવું જોઈએ કે દોડતા, હણહણતા ઘોડાના ચિત્રવાળી દવાઓ લેવાથી ઘોડા જેવી શક્તિ પ્રાપ્ત થઈ શકતી નથી.

આયુર્વેદ હોય કે અલોપથી, એ બન્નેમાં હમણાં હમણાં આંકડાશાસ્ત્રનો પણ ઘણો વિકાસ થયો છે, પરંતુ વર્ષોની જહેમત અને અભ્યાસના અંતે પ્રાપ્ત થયેલાં તારણો સામાન્ય માણસને જીવવાનો સાચો માર્ગ બતાવી શકતા નથી અને કેટલાંક તારણો તો ખૂબ વિચિત્ર પણ હોય છે.

'અમેરિકન જર્નલ ઓફ એપિ-ડેમિલોજી'માં પ્રગટ થયેલ એક અભ્યાસનું તારણ એવું છે કે 'શિક્ષિત પત્ની પતિની તંદુરસ્તી માટે જોખમી છે.' અભ્યાસ કરનારાઓએ અમુક દંપતીના જીવનનો અભ્યાસ કરીને એવું તારણ કાઢ્યું છે કે ભણેલ ગણેલ પત્નીઓ એમના પતિ દેવોને વહેલા કબરભેગા કરે છે. આવો અભ્યાસ કરનારાઓએ વહેલા મૃત્યુ પામનાર પતિના કુટુંબજીવનનો અભ્યાસ કર્યો હોય અને એમની પત્ની શિક્ષિત હોય એ બનવાજોગ છે, પરંતુ પતિના મૃત્યુ માટેના બીજા કારણોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો કે કેમ એ સ્પષ્ટ નથી. આ પ્રકારના અભ્યાસ વૈજ્ઞાનિક ઢબે થયા ગણાય? શું બીજાં પાસાંઓને એમાં આવરી લેવાની જરૂર નથી હોતી? અને આવી રીતે આવેલા તારણો એલોપથીના હોય, આયુર્વેદના હોય કે બીજી કોઈ 'પથી'ના હોય એનો ફાયદો સામાન્ય માણસને ક્યારેય થતો નથી, પરંતુ ક્યારેક નુકસાન જાય છે. આવા તારણો અને અભ્યાસ બાબતમાં ચેસ્ટરનટે એક રમૂજી વાત કરી છે તે યાદ રાખવા જેવી છે. ચેસ્ટરનટે એક વાર નશાકારક વસ્તુનો અભ્યાસ કરવાનો નિશ્ચય કર્યો. એક દિવસ એણે 'વ્હીસ્કી'માં પાણી મેળવી પીધું. નશો ચડ્યો. બીજે દિવસે 'રમ'માં પાણી મેળવી પીધું. નશો ચડ્યો. ત્રીજે દિવસે 'શેમ્પેઈન'માં પાણી મેળવી પીધું. નશો ચડ્યો. તેણે તારણ કાઢ્યું કે પાણી પીવાથી નશો ચઢે છે, કારણ કે ત્રણ દિવસ પાણી 'સામાન્ય' હતું. આંકડાઓની માયાજાળ આવી હોય છે. તેમાં ઘણી વાર સાચી વસ્તુ છટકી જાય છે અને નકામી વસ્તુ હાઈલાઈટ થઈ જાય છે.અમેરિકન પત્રકા એલન ગુડમેને કહ્યું હતું કે ''આંકડાઓ વાંચીને હું સમજ્યો છું કે, ઓછુ દોડો (ઓછુ વ્યાયામ કરો) અને હાર્ટ એટેકથી વહેલા મૃત્યુ પામો. વધુ દોડો અને વાંઝિયા રહીને મરણ પામો.'' હોંશિયાર આંકડાશાસ્ત્રીઓ આંકડાઓ દ્વારા ઈચ્છે તે વસ્તુ સિદ્ધ કરી શકે છે. મોટાભાગના વૃદ્ધ માણસોને દાંત હોતા નથી એટલે આંકડાશાસ્ત્રથી એવું તારણ કાઢી શકાય કે દાંત પડાવી નાખવાથી અથવા તો દાંત ન હોય તો લાંબુ જીવી શકાય છે! એટલે તંદુરસ્ત જીવન જીવવા માટે આંકડાકીય અભ્યાસો અને તારણના આધારે કરવામાં આવતી જાહેરાતોમાં ફસાવું નહીં અને લોભામણી જાહેરાતો વાંચીને એ વસ્તુ લેવા માટે તલપાપડ થઈ જવું નહીં.

## નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ ના 30 વર્ષ ની ઉજવણી કરાઈ મિસ.અને મિસ્ટર ગુજરાત દિવ્યાંગ સ્પર્ધા યોજાઈ



નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટના ૩૦માં સ્થાપના દિને અને વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ની ઉજવણીના ભાગરૂપે મિસ અને મિસ્ટર ગુજરાત દિવ્યાંગ સ્પર્ધા તારીખ ૨૧ ૩ ૨૦૨૦ ના રોજ ,હાર્ટ ફાઉન્ડેશન એન્ડ રીસર્ચ સેન્ટર ના સહયોગથી અમદાવાદ ખાતે ફુડ પોઈન્ટ. ગુલમોહર પાર્ક સેટેલાઈટ યોજાઈ હતી. જેમા૧૬ શહેરોના ૩૨ દિવયાગ સ્પર્ધકો દ્વારા જુદી જુદી ઈવેન્ટ માં ભાગ લઈ પોતાનું ટેલેન્ટ  બતાવવા મા આવ્યુ હતુ.  ઈવેન્ટનું આયોજન કરનાર નિલેષ પંચાલએ જણાવ્યું હતું કે આ ઈવેન્ટમાં મુખ્ય મહેમાન તરીકે ડો.નીતિન સુમન્ત  શાહ, અનારબેન પટેલ ,ગ્રીષમા ત્રીવેદી હાજર રહ્યા હતા. સેલ્ફ ઈન્ટરોડકશન, કેટવોક અને એબીલીટી રાઉન્ડમાં વિજેતા થનાર ને મીસ ગુજરાત અને મીસ્ટર ગુજરાત નો એવોર્ડ સંસ્થા ધ્વારા આપવામાં આલ્યો હતો.જેમાં કચ્છ ની દિવયાગ દિકરી રેખા ગોસાઈ મીસ ગુજરાત અને અમદાવાદ નો દિવયાગ દિકરો સાહીલ મનસુરી મીસ્ટર ગુજરાત નો એવોર્ડ જીત્યા હતા. આ કાર્યક્રમ નુ સંચાલન નિલેશ પંચાલ દ્વારા કરવા મા આવ્યુ હતુ .

ભાગ લેનાર તમામ દિવયાગ સ્પર્ધકો ને કેશ પ્રાઈઝ આપવા મા આવી હતી.

પ્રથમ વાર ગુજરાત મા યોજાયેલ  આ કાર્યક્રમ મા સ્પર્ધકો એ ઉત્સાહ ભેર ભાગ લીધો હતો અને સમાજ ને સંદેશો આપ્યો હતો કે દિવયાગજન ભી કીસી સે કમ નહી.

# સેક્યુલરવાદીઓનો 'ધ કાશ્મીર ફાઇલ્સ' ને વિરોધ શા માટે ? આ વિષય પર વિશેષ સંવાદ !

## કાશ્મીરી હિંદુઓ પર થયેલા અત્યાચાર માટે 'વી.પી. સિંગ સરકાર' સાથે જ કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ પણ ઉત્તરદાયી !

- શ્રી. લલિત અંબરદાસ, કાશ્મીરી વિચારવંત

વર્ષ ૧૯૯૦માં કેંદ્રમાં વી.પી. સિંગની સરકાર હતી ત્યારે એક દિવસમાં કાશ્મીરી હિંદુઓનો નરસંહાર થયો નથી, જ્યારે તેની સિદ્ધતા ઘણા વર્ષો અગાઉથી ચાલુ હતી. પહેલા પૈસો પૂરો પાડવો, શસ્ત્રાસ્ત્ર પ્રશિક્ષણ, શસ?ત્રો પૂરાં પાડવામાં આવ્યાં. વર્ષ ૧૯૮૯માં ફારૂક અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમને કૉંગ્રેસનું પીઠબળ હતું. તે સમયે કાશ્મીરી હિંદુઓના નેતા ટિકાલાલ ટપલૂ, તેમજ ન્યાયમૂર્તિ નીલકંઠ ગંજૂ સાથે જ અનેક લોકોની હત્યાઓ કેવળ તેઓ 'હિંદુ' હતા, તેથી કરવામાં આવી. ખરુંજોતાં જવાહરલાલ નહેરુ અને કૉંગ્રેસે કાશ્મીરમાં 'ધારા ૩૭૦' અને 'ધારા ૩૫ અ' લાગુ કર્યાથી માંડીને હિંદુઓના નરસંહારનો પ્રારંભ થયો હતો. તેથી કાશ્મીરી હિંદુઓના નરસંહાર માટે કૉંગ્રેસ પક્ષ, ફારૂક અબ્દુલ્લા નો નેશનલ કૉન્ફરન્સ અને મુફ્તી મહંમદ સઈદનો પક્ષ પણ ઉત્તરદાયી છે. એવું સ્પષ્ટ પ્રતિપાદન કાશ્મીરી વિચારવંત અને અભ્યાસક શ્રી. લલિત અંબરદાસે કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'સેક્યુલરવાદીઓનો 'ધ કાશ્મીર ફાઇલ્સ'ને વિરોધ શા માટે ?' આ 'ઑનલાઈન' વિશેષ સંવાદમાં સહભાગી થયા હતા. 'કાશ્મીરી નરસંહાર માટે કેવળ 'વી.પી.સિંગ સરકાર અને તેમને પીઠબળ પૂરું પાડનારી ભાજપ સરકાર ઉત્તરદાયી છે શું ?', આ કૉંગ્રેસે કરેલા આરોપનો ઉત્તર આપતી વેળાએ તેમણે ઉપર જણાવેલું વક્તવ?ય કર્યું. આ રીતે ગેરમાર્ગે દોરનારા અનેક આરોપોનું ખંડન કરતી વેળાએ શ્રી. લલિત અંબરદાસે જડબેસલાક ઉત્તર આપ્યા.

'ધ કાશ્મીર ફાઈલ્સ' ચલચિત્ર મુસલમાનોના વિરોધમાં છે, તેમજ તે સમયે હિંદુઓ જ નહીં, જ્યારે હજારો મુસલમાનો પણ માર્યા ગયા, આ પ્રશ્નનો ઉત્તર આપતી વેળાએ શ્રી. લલિત અંબરદાસે કહ્યું કે, ૯૦ના દસકામાં મસજિદોના ભૂંગળાંઓ પરથી હિંદુઓના વિરોધમાં ઘોષણાઓ આપવામાં આવી રહી હતી. 'યહાં ચલેગા નિઝામ-એ-મુસ્તફા', 'એ હિંદુઓ કાશ્મીર છોડકર ચલે જાવ', 'હિંદુઓ તમે તમારી બૈરીને અહીં જ છોડીને ચાલતી પકડો' શું આવી ઘોષણાઓ હિંદુઓ આપી રહ્યા હતા ? તેમજ સૈન્યમાં દેશ માટે કામ કરનારા ફૈય્યાજ અને ઔરંગઝેબ ઈત્યાદિ એકાદ-બે કાશ્મીરી મુસલમાન છોડતાં, મોટાભાગના મુસલમાનો જેહાદ, આતંકવાદ તેમજ ભારત વિરોધી કાર્યવાહીઓ કરતી વેળાએ માર્યા ગયા છે. તેમની ગણના હિંદુઓ સાથે કરી શકાશે નહીં.

તેમજ જો કાશ્મીરી મુસલમાનોએ ત્યાં હિંદુઓને બચાવ્યા હોત, તો હિંદુઓને કાશ્મીરમાંથી વિસ્થાપિત થવાનો વારો આવ્યો ન હોત. તાત્કાલીન રાજ્યપાલ જગમોહને ખરા અર્થમાં કાશ?મીરી હિંદુઓને બચાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમના કારણે જ આજે કાશ્મીર ભારતમાં છે. તેથી કમ્યુનિસ્ટ, લિબરલ, સેક્યુલરવાદીઓ જગમોહનની નિરંતર અદેખાઈ કરીને બદનામ કરી રહ્યા છે; પણ 'ધ કાશ્મીર ફાઈલ્સ' ચલચિત્રને કારણે કૉંગ્રેસ, કમ્યુનિસ?ટ, લિબરલ, સેક્યુલરવાદીઓએ ૩૨ વર્ષો સુધી છૂપાવેલું સત્ય જગત્ સામે ઉજાગર થયું હોવાથી તેઓ વિફર્યા છે. હવે મોદી સરકારે કા?મીરમાં 'હિંદુઓનો નરસંહાર થયો' આ વાસ્તવિકતાનો સ?વીકાર કરીને સંયુક્ત રાષ્ટ્ર સંઘના નિયમ પ્રમાણે તેની ઊંડાણપૂર્વક તપાસ કરીને દોષીઓ પર કડક કાર્યવાહી કરવી જોઈએ, એવી માગણી પણ શ્રી. અંબરદાસે સંવાદના સમાપન સમયે કરી.




## 'ધકશ્મીરર ફાઇલ્સ'ના નિમિત્તે...

વિવેકઅગ્નિતહોત્રીનું બહુચર્ચિતચલચિત્ર 'ધ કશ્મી ર ફાઈલ્સા'૧૧ માર્ચના દિવસે પ્રદર્શિતથયું. વર્ષ૧૯૯૦માં કાશ્મીશરની ખીણમાંધર્માંધતાએ સર્વ સીમાઓ વટાવીદીધી હતી તે સમયની કાશ્મી રીપંડિતોની નરકયાતનાઓનુંસત્યા ન્વેધષણ કરનારું 'ધકશ્મી ર ફાઈલ્સક'ના નિમિત્તે....

વર્ષ૧૯૯૦માં શું બન્યુંધ હતું ?

વર્ષ૧૯૯૦માં શું બન્યી હતું ?, આ વિશેદુર્દૈવથી આધુનિક ભારતીયપેઢીને કાંઈજ જાણકારી નથી. ૧૯ જાન્યુનઆરી૧૯૯૦ના દિવસે 'સંપૂર્ણકાશ્મીુરમાંથી હિંદુઓએ ચાલ્યાુજવું', એવાઆદેશ ઠેકઠેકાણે જાહેર રીતેઆપવામાં આવ્યા૯. તે માટે સમાચારપત્રાોમાં જાહેરખબરોઆપવામાં આવી. રેડિયો, મસ્જિેદોપર લાઊડસ્પીઆકર્સ ઈત્યાયદિપરથી ઘોષણાઓ આપવામાં આવી. સાર્વજનિકભીંતો રંગવામાં આવી અને સંપૂર્ણહિંદુ સમાજને ત્યાં થી ચાલીજવું પડ્યું હતું. તેમની સામેકાશ્મીબરી ભાષામાં ત્રણ પર્યાયમૂકવામાં આવ્યો - રલિવ, ત્સજલીવયા ગલિવ ! અર્થાત્ 'ધર્માંતર કરો, કાશ્મીારછોડીને ચાલતી પકડો અથવા મૃત્યુ?સ્વીડકારો.'

આત્રણ ઘોષણાઓ પછી કાશ્મીતરીપંડિતોનું ભીષણ હત્યા સત્રાચાલુ થઈને સાડાચાર લાખ કાશ્મીરીહિંદુઓને કાશ્મી રમાંથીવિસ્થાાપિત થવું પડ્યું. કાશ્મીયરીહિંદુઓએ ધર્મ બચાવવા માટેપોતાની માતૃભૂમિ, પોતાનાસ્મીરણો, પોતાનુંબાળપણ, પોતાનીનોકરી-ધંધોઆ બધાનો ત્યાકગ કર્યો. આજના કાળમાંપણ ધર્મ માટે સર્વોચ્ચ્હ ત્યાનગકરવામાં આવે છે, આ એક અર્થમાંસ્પૃતહણીય છે; પરંતુ બીજાઅર્થમાં બહુમતિ ધરાવતા હિંદુઓનારાષ્ટ્ર્માં હિંદુઓ પર જ આવુંકરવાની ફરજ પડે છે, તેનું અમનેવૈષમ્ય (વિષમતા) લાગવુંજોઈએ. કાશ્મીરરીહિંદુઓ પર પોતાના જ દેશમાંવિસ્થીપિત થવાનો વારો આવવો, તેનાથીમોટું અન્ય( કોઈપણ દુર્દૈવનથી. આઘટના બની, તે સમયેદેશમાં અસહિષ્ણુથતા વિશેબોલનારા શાંત હતા, એ પણ ભૂલવુંજોઈએ નહીં. 'ધ કશ્મીવરફાઈલ્સત' ચલચિત્ર આ અત્યોચારઅને તેની પછીના 'પ્રોપોગંડા'વિશે સત્યાંન્વેષણ કરે છે.

ભારતીયલોકશાહી પરનું કલંક !

ભારતીયલોકશાહીના ગુણગાન કરનારાઓમાટે 'ધ કશ્મ્રી ફાઈલ્સષ'અનેક પ્રશ્નો ઉપસ્થિ ત કરેછે. જાન્યુલઆરી૧૯૯૦માં જે બન્યુંન હતું, તે વિશેકાશ્મીસરના 'બુરખાધારી'રાજ્ય કર્તાઓએ કાંઈ કરવું, એવી સ્થિયતિનહોતી. તાત્કાયલીનરાજ્યુપાલ જગમોહન કેંદ્રસરકારને પરિસ્થિ તિની ગંભીરતાકહેતા હતા ત્યા?રે તેમને તેપદ પરથી કાઢી નાખવાની પ્રક્રિયાકરવામાં આવી. ભારતીયસંસદમાં કાશ્મ્રી હિંદુઓપર થયેલા અત્યાભચારો વિશે એકપણ પ્રસ્તાખવ સહમત થયો નહીં. આ તાત્કીલીનસંસદમાં ૮૫ સાંસદો હમણાનારાષ્ટ્ર વાદી સત્તાધારીપક્ષના જ હતા; પરંતુ તેઓપણ વી.પી. સિંગ સરકારબચાવવા માટે દુર્દૈવથીનિષ્ક્રિ ય રહ્યા. ભારતીયસર્વોચ્ચા ન્યાવયાલયે આ પ્રકરણઅંગે કોઈપણ પ્રકારનો 'સ્યુઓ-મોટો'કાર્યવાહી કરવાને બદલે આંખોપર ડાબલા ચડાવી લીધા. ભારતીયસેનાદળ તેમના બંધારણીયમર્યાદાઓની ઢાલ આગળ કરીનેકૌરવસભામાંના ભીષ્માચચાર્યબની ગયું. જે બંધારણપ્રત્યેણક ભારતીય નાગરિકનેસુરક્ષિત જીવન જીવવા માટેઅભિવચન આપે છે, તે જ કાશ્મી રમાંઅસફળ રહ્યું. રાષ્ટ્રી યમાનવાધિકાર આયોગ અને રાષ્ટ્રી યમહિલા હક આયોગે પણ કર્તવ્યશમાંખોટ કરી. લોકશાહીનાચોથા સ્તંરભ તરીકે ડંફાસહાંકનારા મોટા 'મીડિયા હાઉસેસ'એઆ અત્યાયચારોને મૂક સંમતિદર્શાવી. તેથી ૧૯૯૦માંકાશ્મી રી હિંદુઓનો જેવંશવિચ્છેરદ થયો, તે ભારતીયલોકશાહીના બુરખામાં સંતાઈગયો, તેનામાટે ઈતિહાસ સાક્ષી છે. આ કલંક ભૂંસીનાખ્યાજ સિવાય ભારતીય લોકશાહી 'મહાન' કહેવડાવવાનો કોઈપણઅધિકાર નથી !

'ધકશ્મીર ફાઈલ્સી' જુઓ !

આજેબોલીવુડમાં 'ધ કશ્મીમર ફાઈલ્સસ'ચલચિત્ર તૈયાર થવા છતાં પણતે વિશે આભડછેટ રાખવામાં આવેછે. કપિલશર્મા જેવા બોલીવુડ પ્રમોટર્સતેને એકજ દિશામાં દોરતું કથાનકકહે છે,

## અરવલ્લીના ગઢડાકંપાના યુવાને પ્રાકૃતિક ખેતી કરી પોતાની આવકમાં કર્યો વધારો



**પ્રાકૃતિક કૃષિપદ્ધતિ અંતર્ગત માવજત કરીને રાસાયણિક ખેતીની તુલનામાં મેળવે છે બમણી આવક**

કૃષિ ક્ષેત્રે ખેડૂતે પોતાની આવક બમણી કરવી હોય તો રાસાયણિક ખેતી દ્વારા તે શક્ય જ નથી. આજે વર્ષોવર્ષ ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, ખેતમજૂરી વગેરેના ભાવ વધતા જ જાય છે. રાસાયણિક ખાતરના વધુ પડતા ઉપયોગના કારણે જમીન બિનઉપજાઉ થવાના પરિણામે કૃષિ ઉત્પાદન ઘટતું જતું હોવાનો મોટા ભાગના ખેડૂતોનો અનુભવ છે. ત્યારે જો ઉત્પાદન ઘટે સામે પક્ષે પોષણક્ષમ ભાવની સમસ્યા પણ સર્જાય ત્યારે ખેતીને ટકાવવી કેવી રીતે? એ કોઈ પણ ખેડૂતો માટેનો પ્રાણપ્રશ્ન બને તે સમજી શકાય છે. આ સમસ્યાનો જવાબ પ્રાકૃતિક ખેતીમાં સમાયેલો છે તેવું આ ખેતી અપનાવતા ખેડૂતોના અભિપ્રાયનું નોંધપાત્ર કારણ છે. એટલે જ ખેડૂતો પોતાની આવક બમણી કરવાં પ્રાકૃતિક ખેતી અપનાવે તો ખુબ જ નજીકના ભવિષ્યમાં તે ખેતીની આવક બમણી કરવાનું લક્ષ્યાંક હાંસલ કરી શકશે. અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ગઢડાકંપાના યુવાન ખેડૂત પ્રવીણ પટેલે આ વાતની પ્રતીતિ કરાવી છે. પ્રવીણભાઈએ તો પ્રાકૃતિક ખેતીથી પકવેલી કૃષિ પેદાશોનું કોન્ટ્રાક્ટ ફાર્મિંગ પણ કર્યું છે. તેઓએ પ્રાકૃતિક ખેતી અંતર્ગત ડુંગળીના બિયારણનું વાવેતર કર્યું છે અને તેના કોન્ટ્રાક્ટ ફાર્મિંગ દ્વારા પોતાની આર્થિક આવક પણ નિશ્ચિત કરી લીધી છે. તેઓનું દ્રઢપણે માનવું છે કે ખેડૂતે પોતાની આવકબમણી કરવી હોય તો પ્રાકૃતિક ખેતી અપનાવ્યા સિવાય છૂટકો નથી:

''ખેડૂતની આવક બમણી કરવાનો આપણા વડાપ્રધાનશ્રીનો સંકલ્પ છે તે પ્રાકૃતિક ખેતી દ્વારા શક્ય છે અને ખેડૂતોએ તે અનુભવ્યું પણ છે માત્ર ઘઉંની વાત નથી કરતો બીજા પાકમાં પણ ઉત્પાદન અને તેની આવકના પ્રમાણમાં તેનો ધરખમ વધારો અમે અનુભવ્યો છે, આજે મેં પાંચ એકરમાં ઘઉંનું વાવેતર પ્રાકૃતિક ખેતીથી કર્યું છે. હવે આ વર્ષે સરેરાશ રૂ. ૯૦૦ના મણના ભાવે ઘઉં વેચાશે એટલે એક એકરની રૂ. ૯૦,૦૦૦ની આવક સાથે કુલ રૂ. ૪.૫૦ લાખનો નફો ઘઉંની ખેતીમાં યશે. રાસાયણિક ખેતીમાં આ ક્યારેય શક્ય ન હતું.

પ્રવીણભાઈએ પ્રાકૃતિક ખેતી અંતર્ગત ઘઉં ઉપરાંત ડુંગળીનાં બિયારણનાં વાવેતરનો પણ સફળ પ્રયોગ કર્યો છે તેમની સફળતાની ગાયા જણાવતાં તેમનાં શબ્દો ''પ્રાકૃતિક ખેતીથી પરાગનયન લગભગ ૮૫થી ૧૦૦ ટકા થાય છે તેનાથી ઉત્પાદન રાસાયણિક ખેતી કરતાં ખૂબ સારું મળે છે. ડુંગળીના બિયારણની ખેતીમાં અમે બંગાળની એક કંપની સાથે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ કર્યું છે જેમાં અમને ઘણો ફાયદો છે. ડુંગળીના બિયારણનો ભાવ એક કિલોનો રૂ. ૫૫૦ કંપની સાથે નક્કી થયો છે. કંપની તે ભાવે ખરીદી લેશે. પ્રાકૃતિક ખેતીના કારણે મધમાખી દ્વારા પરાગનયનની પ્રક્રિયા ખૂબ સારી રીતે થાય છે. મેં અત્યારે આઠ એકરમાં પ્રાકૃતિક ખેતીથી ડુંગળીના બિયારણનું વાવેતર કર્યું છે. આઠ એકરની વાત કરીએ તો લગભગ એક એકરમાં

રૂ.૧.૫ લાખ આવક થશે.

''હું હાલમાં ૨૨ એકર ખેતરમાં વર્ષ ૨૦૧૬થી સંપૂર્ણપણે પ્રાકૃતિક ખેતી કરુ છે. વર્ષ ૨૦૧૩માં નાના પ્લોટમાં ઘઉંના વાવેતરથી પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરેલો અને તેમા સફળતા મળ્યા બાદ વર્ષ ૨૦૧૬થી પ્રાકૃતિક ખેતી કરુ છું.

વર્ષ ૨૦૧૬ પહેલાં જ્યારે હું રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે વર્ષોવર્ષ કૃષિ ઉત્પાદન ઘટતું જતું હતું અને ખર્ચ વધતો જતો હતો અને જમીન ઉજ્જડ થતી અને પાણીની જરૂરિયાત પણ વધતી જતી હતી. પ્રાકૃતિક ખેતી અપનાવ્યા બાદ પાણીની જરૂરિયાત પ્રમાણમાં ઘણી ઓછી થતી જાય છે.

પ્રાકૃતિક દ્રવ્યોના કારણે છોડ પોતે જ ટકાઉશક્તિ મેળવી લે છે. પરિણામે રોગપ્રતિકારક શક્તિ કુદરતી રીતે જ છોડ મેળવી લે છે. ઉપરાંત જમીનની ફળદ્રુપતા વધે છે. જોકે પ્રાકૃતિક ખેતીમાં શરૂઆતના વર્ષોમાં જે તે કૃષિપેદાશનું ઉત્પાદન રાસાયણિક ખેતીની તુલનામાં ઘટેલું પણ તે અમુક અમુક પાકમાં જ. તમામ પાકોમાં નહીં, પણ તે રીતે જોઈએ તો રાસાયનિક ખેતીમાં પણ જે તે હું કૃષિ પેદાશનું નું ઉત્પાદન ક્રમશઃ ઘટતું જોવા મળે છે. લગભગ તમામ ખેડૂતોનો આ અનુભવ છે. સામે પક્ષે ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, પિયતનો ખર્ચ, ખેતમજૂરી આવા તો અનેક ખર્ચ વર્ષોવર્ષ વધતાં જાય છે. હું ઘઉંની વાત કરું તો મારા પિતાશ્રી કહેતા કે જ્યારે એકરે ૧૦૦ મણ ઘઉંનો ઉતારો આવતો, ડીએપી, પુરિયા, પોટાશના વધુ ઉપયોગ છતાં પણ જમીન ઉજ્જડ થવાથી ઉતારો ૯૦ મણ સુધી નીચે ઉતર્યા હતો, છોડની રોગપ્રતિકારક શક્તિ પણ ઘટવા લાગી અને અવનવા રોગ ખેતરોમાં જોવા મળ્યા હતા. આ પરિસ્થિતિમાં અમેં પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો.

'હું પ્રાકૃતિક ખેતી તરફ વળ્યો તેની પાછળનો મારો તર્ક સામાન્ય હતો કે હું મારા કે મારા પરિવાર માટે અનાજ ઉત્પન્ન કરતો હોઉં તે ઉચ્ચ ગુણવત્તાયુક્ત શા માટે ન હોય? કોઈ પણ ફેક્ટરીનો માલિક પોતાના માટે માલ બનાવતો હોય તો તે ગુણવત્તાયુક્ત બનાવે જ બનાવે. આમ જોઈએ તો મારું ખેતર કે મારી જમીન અનાજ પકવતી ફેક્ટરી જ છે તો તેનું ઉત્પાદન પણ સારું જ હોવું જોઈએ, જેના કારણે મારા પરિવારના સભ્યોનું આરોગ્ય જળવાશે અને રોગપ્રતિકારક શક્તિ વધશે, એટલે મેં વર્ષ ૨૦૧૩માં પ્રાકૃતિક ખેતી અંતર્ગત બંસી ઘઉંના વાવેતરનો પ્રયોગ કરેલો તેનું મને ખૂબ સારું પરિણામ મળ્યું. ત્યારબાદ મેં તરબૂચનું વાવેતર કર્યું તેનું પણ મને સારું પરિણામ મળ્યું.

''હવે બંને ખેતીપદ્ધતિની તુલના કરીએ તો રાસાયણિક ખેતીમાં ઘઉંનો ઉતારો એકરદીઠ ૧૦૦ મણનો મળતો તેની સામે પ્રાકૃતિક ખેતીમાં શરૂઆતથી જ ૧૦૦થી ૧૨૫ મણનો ઉતારો મને મળતો થયો છે. તેનું કારણ છે અમે દેશી બીજનો ઉપયોગ કરેલો, તેની પોષ્ટિકતાના કારણે તેના ભાવ પણ સારા મળે છે. દેશી બીજમાં એટલી બધી તાકાત છે કે એક મહિને પિયત આપીએ તો પણ વાંધો નહીં. જ્યારે રાસાયણિક ખેતીમાં ૧૫થી ૨૦ દિવસના અંતરે પિયત આપવી પડે.

## સત્ય ની આંખે (ભાગ - 3)




### માણસ ની કિંમત ક્યારે વધે?

માણસની મહાનતા તેના વિચારો ઉપરથી થાય છે.જીવન માં ભણતર હોવું  જરૂરી છે.પણ, તેની  સાથે ઘડતર ચોકક્સ જરૂરી છે. ઘડતર વિનાના જીવન ની કોઈ કિંમત નથી. ઘડતર વિના નું જીવન પોતાના અને બીજા ના માટે નડતરરૂપ છે.

જે વસ્તુ ઘડાય એની કિંમત વધી જાય. જેમકે ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ એમનું જીવન ઘડતર હતું. ઘડાયેલા માણસ ની કિંમત આપોઆપ વધી જાય છે. સોનું હોય એમાંથી હાર બને તો એની કિંમત વધી જાય છે. ઘડતરના બે પ્રકાર છે. એક તો વસ્તુ ઘડાય એટલે એની કિંમત વધી જાય અને વસ્તુ ઘડાય એટલે એની શોભા વધી જાય. એમ માણસનું જીવન પણ સંસ્કારી રૂપી ઘડતરથી શોભી ઉઠે છે. શ્રી રામ ભગવાન  આજે પણ લોકો ના હૃદયમાં બીરાજમાન છે. આજેય રામ ના મંદિર બને છે. અને રાવણ ના પુતળા બાળવામાં આવે છે. સંસ્કારી અને કુસંસ્કારો માં આટલો ફરક હોય છે. સારા માણસો ની સંગત રાખો તો ભવ તરી જાય. એટલે નક્કી તો આપણે જ કરવું પડે કેવા લોકોનો સંગ કરવો .

સત્ય સનાતન છે કે , માણસે પોતાની કિંમત જાતે નક્કી કરવાની છે. આજના સમયમાં ઘણા લોકો એવા હોય છે કે જે માત્ર એમના જરૂરિયાત અને સ્વાર્થે માટે બીજાનો ઉપયોગ કરતાં હોય છે.એમનો સ્વાર્થે પૂરો થાય પછી તમારું જ ખરાબ બોલે. સ્વાર્થ માણસને અંધ બનાવી નાખે છે. સારા-નરસાનું ભાન રહેતું નથી. સ્વાર્થથી ક્રોધ ઊભો થાય છે અને છેવટે હિંસામાં પરિણમે છે. શાંત રહીને હિંસા થઈ શકતી નથી, તેને માટે ઊકળવું પડે છે. લોભના કારણે માણસ વધુ લાલચુ બને છે. બધું ભેગું કરતો રહે છે. કશું છૂટતું નથી. કદીક આપવાનું મન થાય પણ ખિસ્સામાંથી હાથ બહાર નીકળતો નથી. ગમે તેટલું હોય સંતોષ થતો નથી.જીવનનાં જે બધાં પાપો છે તેના મૂળમાં સ્વાર્થ અને લોભ છે. પરિવારોમાં મિલકતોના ઝઘડા અને એકબીજા વચ્ચે વેરઝેર આના કારણે થતાં હોય છે. સ્વાર્થ હોય, લોભ હોય, અસંતોષ હોય અને બીજાનું ઝૂંટવી લેવાની ભાવના હોય તો છેવટે કશું ભોગવી શકાતું નથી અને અંત પણ દુ:ખદાયક બને છે.શકિતશાળી માણસો સત્તા, કીર્તિ, પદ અને પ્રતિષ્ઠા માટે જૂઠ, કાવાદાવા અને ફરેબ રચે છે અને શતરંજના આટાપાટા ખેલે છે.તમે સમાજ સામે તમારું વ્યક્તિત્વ અલગ બતાવી શકો છો, તમારો સાચો ચહેરો છુપાવી શકો છો, પણ જ્યારે તમે અરિસામાં જુઓ તો સત્ય સ્વિકારવાની હિંમ્મત તમારામાં હોવી જોઈએ કે તમે વ્યવહારું માણસ છો કે ચાલાક કે મતલબી કે પછી સાચે જ તમારા ઈરાદા શુધ્ધ છે. જે તમે નથી તેની અપેક્ષા તમારે સામેના પક્ષે પણ ના રાખવી જોઈએ.

જીવનમાં થોડું વધુ મેળવવા માટે કેટલું બધું ગુમાવીએ છીએ તેનો ખ્યાલ રહેતો નથી.લોભ અને સ્વાર્થ ભાન ભુલાવે છે. આ બધું થવાનું કારણ પાયા વિના ના ઘડતર ને લીધે થાય છે. અને માણસ પોતાની કિંમત ખોઈ બેસે છે.

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



## NOG SS No: 0042

વિષય -હોળી ધૂળેટી
પ્રકાર -ગદ્ય -વાર્તા
શીર્ષક -વાવેતર વહાલનું

"આ, ઘરની હાલત તો જો!તું આખો દિવસ કરે છે શું? જરા બહારની દુનિયામાં જો તો ખબર પડે સ્ત્રી કેટલી મહેનત કરે છે, અને એક તું! ઘરને જરા પણ વ્યવસ્થિત નથી રાખી શકતી. "નિશા પર તાડુકતાં સુધીર બોલ્યો.

"સુધીર,તે મને ક્યારે ફ્રી બેસેલી જોઈ!તારો ઓફિસનો સમય સાચવું,ચિન્ટુની સાર સંભાળ રાખું. પપ્પાને બી.પી. ની તકલીફ. મમ્મીને ડાયાબિટીસ ની, આખો દિવસ બધાનું અલગ અલગ જમવાનું બનાવું. વાર -તહેવારે આવતાં મહેમાન. અવાર-નવાર ઘરે થતી તારી ઓફિસની પાર્ટી. હું એકલી કેટલે પહોંચું? ઉપરથી તારું રોજનું કચ કચ. આખરે હું પણ માણસ છું. મશીન નહીં સમજ્યો?"

નિશા અને સુધીર વચ્ચે અવાર નવાર નાની-મોટી બાબતે જઘડા થતાં અને સમાધાન પણ થઈ જતું. પણ આ વખતે જઘડાને ઘણાં દિવસ થયાં પણ બંને વચ્ચે ચણાયેલી મૌનની દીવાલ હોળીની પૂજા સાથે કરવા છતાં અકબંધ રહી.

અલગ અલગ રંગોથી સજાવેલા થાળને જોઈ ચિન્ટુ બોલ્યો" મમ્મી,પપ્પા અહીં આવો... મને દાદાએ શીખવ્યું છે. ધૂળેટીના દિવસે આપણે જેની જોડે કિટ્ટા હોય તેને રંગે લગાવી બુચ્ચા કરવાની. તો ચાલો તમે બંને એકબીજાને રંગ લગાવી બુચ્ચા કરી લો. હવેથી હું મારી વસ્તુ તેની જગ્યા એ રાખીશ. મમ્મીને મદદ કરીશ એટલે તેને વધારે સમય મળે તો ઘરને વ્યવસ્થિત રાખી શકે. ચાલો,પપ્પા. મમ્મીને સોરી કહી દો અને ગાલ પર એક મીઠી કિસી કરી દો." ચિન્ટુની વાત સાંભળી બંને શરમાઈ ગયાં.

"સુધીર,જાહેરમાં જઘડો કરતાં શરમ ન આવે પણ પ્રેમ કરતા આવે ખરું ને? લે..આ ગુલાબી રંગ 'પ્રેમનું પ્રતિક ' કહેવાય. વહુને લગાડી દે અને ઘરની લક્ષ્મીને મનાવી લે."એમ કહી મનસુખભાઈએ રંગનો થાળ સુધીરના હાથમાં આપ્યો.

'હેપ્પી હોલી'કહી બંને એ ચિન્ટુના ગાલ પર વહાલનું વાવેતર કરતાં, પરસ્પર બંનેની આંખો મળતાં દિલમાં મસ્તીનો રંગ છલકાઈ ગયો. બહાર ડી.જે. મ્યુઝિક ચાલું થતાં ગીત સંભળાવા લાગ્યું 'આજ ના છોડેંગ, બસ હમ જોલી ખેલેંગે હમ હોલી'

પૂજા(અલકા)કાનાણી

---

## NOG SS NO - 0037

વિષય - વિશ્વ કવિતા દિવસ અંતર્ગત રચના.
શીર્ષક - શબ્દ તણી રંગોળી.

માતૃભાષાનું પ્રિય સંતાન એટલે કવિતા.
માતૃભાષાનું ગૌરવ ગાન એટલે કવિતા.
કલમ અને કાગળના પ્રેમની અભિવ્યક્તિ એટલે કવિતા.
કવિઓની હૃદયની ઉર્મિઓનું સુંદર આલેખન એટલે કવિતા.
કવિની કલમે વહેતી સરિતા,વનિતા, પવિત્રતાનું,
પાવન ઝરણું એટલે કવિતા.
કવિઓની કલમનો સુવર્ણ દસ્તાવેજ એટલે કવિતા.
કવિઓની કલમે જન્મતું શાબ્દિક બાળ એટલે કવિતા.
સાહિત્યની સુંદર નઝરાણું, એટલે કવિતા.
સાહિત્યનું મનોમંથન, ભાવ વંદન એટલે કવિતા.
કવિઓની શાબ્દિક વાગ યુદ્ધ એટલે કવિતા.
કવિઓની શાબ્દિક રંગોળી એટલે કવિતા.
જીવનનાં ભાવને શાબ્દિક સ્વરૂપે પ્રગટ કરવું, એટલે કવિતા.
અંતર મનથી પ્રગટ થાય, પર બ્રહ્મ સુધી ગુંજે તે કવિતા.

હેમલતા દિવેચા ' હેમ '

---

## NOG SS NO - 0050

વિશ્વ કવિતા દિવસ.
શીર્ષક - હું ને મારી કવિતા
.....................................

કવન તો કવિની કલ્પનાને
સ્વના ગર્ભમાંથી પ્રગટેલી..!
મનડાં રૂપી મોતીનાં દલડાંની સવારી હોય..!
એમાં શ્રૃંગાર, રૌદ્રરસ યા અંલકારનો સ્વ મેલ મલે..!
સૂના જીવનનો રંગ છે ભલે તેમાં ભરતી કયારે અંમરથી ઊંચી ,
ને ઉડાનથી ઉપર હોય..!
કવિ કંઈક અમથું થોડું થવાય છે..!
કલ્પનાનો સિમાડો તો મુંજ
ગર્ભમાંથી નિકળે..!
ત્યારે બને કવિતા.!
લખું છું ત્યારે મુંજ હૃદયનાં ગર્ભમાં ધગધગતા દાવાનળ
બહાર આવે...!
કયારે ભીની લાગણી, સંવેદનાં, સ્પંદનો, તમન્નાઓ, બળાપો...!
ત્યારે બને કવિતા..!
લખું જ્યારે ભીતર મહીથી ત્યારે એ પ્રાણવાયુ જેવો મારો ખોરાક લાગે .!
હૈયે વરસતી લાગણીઓની પરિભાષા મારી..!
શ્વાસના આવન જાવન સાથે,
સ્ફૂરે શબ્દોની રમઝટ..!
કરું શહીના ખડિયે ઝબોડીને
લખું ધારદાર શબ્દોની સરવણી...!
કયારેક દિનમાં પણ રાત દેખાડી દઉં..!
મારા વિચારોથી ચકચૂર બનાવું .!
વીતેલી વાતોને તરોતર તાજી કરી દઉં..!
મુરઝાઈ જાઉં તો નાનકડાં અંકૂરની જેમ ખીલી જાવ..!
મારી કવિતા અંગારોની જવાલા જેવી..!
એમાં પીડા પણ વ્યક્ત કરું..!
એ મારું કર્મને છબી છે..!
દિવડો ઝગમગેને કવિ પણ ભાનુ જેમ ઝળહળે..!
માટે જ કવિને કવિની વાણી
ધર્મ જેટલી ઉંચી કહી છે..!
કહે "રાગ" ગર્ભના શબ્દ પ્રેમ ભર્યા.. !
કરાવું સત્યનું પ્રતિબિંમબ દેખાડું દર્પણ મહી સર્વને...!
રાગીની શુકલ"રાગ"
(મુંબઈ, કાંદિવલી.)

---

## *NOG SS No* : *0110*

પ્રકાર : પદ્ય
વિષય : વિશ્વ કવિતા દિવસ
શીર્ષક : 'મનની ઉર્મિઓ'

એક ચેતનાનું બિંદુ બનીને, તેજ પુંજ માં સમાવું છે,
મેઘ ધનુષના રંગ બનીને, જીવન આખું શણગારવું છે.
રંગોની આ છોળો મનને, છલોછલ ભીંજવી જાય છે,
હવે રંગોની છાલક બનીને, અન્યને પણ ભીંજવવા છે.
આનંદ ને ઉલ્લાસની સંગે, જીવનને મહેકાવવું છે,
બની શકે તો સહુના થઈને, પ્રેમ દીપ પ્રગટાવવા છે.
સ્નેહ ને હેતને શસ્ત્ર બનાવી, દિલને જીતી જાવા છે,
કોઈની નજરે હારી પણ જઈને, ખુદને જીતી જાવું છે.
કંઈક લીધું ને કંઈક દીધું , હિસાબ હવે ભુલાવવો છે,
મસ્તી તન ને મનમાં ભરીને , જીવન વહાણ હંકારવું છે.
ખબર નથી દિશાની મનમાં, તેજપુંજ પર દૃષ્ટિ છે,
સઢ પણ આપોઆપ ફરીને, જીવન વહાણ હંકારે છે.
આંધી કે તોફાન પણ મનને, હવે ન વિચલિત કરશે,
જીવચેતનાની ઓથે રહીને, ઉર્ધ્વ ગતિ બસ કરવી છે.
એક ચેતનાનું બિંદુ બનીને, તેજ પુંજ માં સમાવું છે,
મેઘ ધનુષના રંગ બનીને, જીવન આખું શણગારવું છે.
નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૧ માર્ચ ૨૦૨૨.

---

## NOG SS No: 0089

વિષય કવિતા દિવસ
પદ્ય
શીર્ષક : એને મળી

---

નિકળી શોધવા દીવો લઈ
અંધારા ઉલેચી થાકી ગઈ
ખૂણે ખાંચરે શોધી વળી
હાંફી ગઈ ક્યાંય ન મળી
ફરિયાદ કરવા થાણે ગઈ
સિપાઈની આંખ ડરી ગઈ
માતા પિતાની સોડમાં પેઠી
પ્રેમની હેલી વરસી રહી
જેને ઘડી ભર વિસરી ગઈહતી
દીઠો સામે કવિતા 'સરી ગઈ
કવિતાની પ્રેરણા કરનાર
અંતરમાં સદા બિરાજનાર
પ્રવિણા અવિનાશ

---

## *NOGSS NO-* 0088

વિષય- વિશ્વ કવિતા દિવસ
પ્રકાર- પદ્ય
શીર્ષક- કવિ ઘડે કાવ્યદેહ!
નામ- ડૉ. મનીષા વ્યાસ

---

હૃદયમાં ઊઠતાં તોફાન અફળાય ને,
ચકમક શબ્દોની ઝરી કવિતા પ્રગટે..
ઉમટે છે અંતરમાં ઓળઘોળ યાદો ને,
અક્ષરના રોમરોમ કવિતા ઉપજે...
વિચારો મનની ગોરસીમાં વલોવાય ને,
નવનીત રૂપી કવિતા નીપજે..
જગતનાં સુખ-દુખની સંવેદનાઓ ઝમીને,
કાવ્યનો અક્ષરદેહ ઝાકળ થઈ ટપકે..
પિયું મિલનની પ્યાસે યાદોનાં વાદળ..
થઈ કવિતા ધોધમાર વરસે..
સંસારરથના ચાકડે ને સમયના નીભાડે,
કવિ મઠારીને કવિતા પકવે...
ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ
તારીખઃ- ૨૧/૦૩/૨૨

---

## NOG SS NO. : 0034

વિશ્વ કવિતા દિવસ
શીર્ષકઃ નારીનાં દરેક રૂપમાં છે કવિતા
નામઃ ડૉ. રેખા શાહ

ધર્યો અવતાર થઈ તનયા આ જગમાં,
એ લક્ષ્મીની પા પા પગલીમાં છે કવિતા.
લજ્જાથી લજામણી થઈ શરમાતી,
એ સોળ વરસની કામિનીનાં હૈયામાં છે કવિતા.
પિયુ મિલનના પ્રથમ અવસર ટાણે શરમાતી,
ગોરીની ઢાળેલી પાંપણની પાલખીમાં છે કવિતા.
બાળ ધરી અંકે, પાલવમાં કરાવતી પયપાન,
એ જનનીનાં માતૃત્વમાં છલકે છે કવિતા.
દીકરી, ગૃહલક્ષ્મી, માતા રૂપ અનેક નારીનાં,
એ વંદનીય નારીનાં દરેક રૂપમાં છે કવિતા.
-- ડૉ. રેખા શાહ

---

## *NOG SS No* : *0110*

પ્રકાર : ગદ્ય
વિષય : હોળી-ધુળેટી
શબ્દો : ૩૦૨
શીર્ષક : 'રંગપંચમીનો રંગોત્સવ '
લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

હોળી-ધુળેટીનો તહેવાર એટલે રંગોનો તહેવાર. આ રંગોત્સવ આપણા વિવિધતા ભર્યા દેશમાં જુદા જુદા પ્રદેશોમાં અલગ-અલગ ધાર્મિક સંદર્ભો સાથે અને માન્યતાઓ સાથે ઉત્સાહભેર મનાવવામાં આવે છે. ફાગણ સુદ પૂનમ એટલે કે હોળીના દિવસથી બીજા દિવસે ધુળેટી અને ત્યારબાદ ફાગણ વદ પાંચમ એટલે કે રંગપંચમીના દિવસ સુધી આ ઉત્સવ ભારે ઉત્સાહથી લોકો મનાવે છે.

હોળીના દિવસે લોકો પૌરાણિક સંદર્ભોને આધારે હોલિકા દહનની પૂજા કરે છે અને માનવ કલ્યાણ અર્થે દૈવી શક્તિના આશીર્વાદ માંગે છે. બીજા દિવસે ધુળેટીનું પર્વ ખૂબ આનંદ ઉલ્લાસથી ઉજવાય છે. સહુ નાના-મોટા બાળકોથી માંડી આબાલ-વૃદ્ધ સૌ એકબીજા પર રંગ છાંટી આનંદ વ્યક્ત કરે છે. ત્યારબાદ ફાગણ વદ પાંચમના દિવસે આવે છે રંગપંચમી. પૌરાણિક માન્યતાઓ અનુસાર આ દિવસે હવામાં રંગ ઉડાડીને દેવી-દેવતાઓને પ્રસન્ન કરવામાં આવે છે. રંગો દ્વારા દેવી-દેવતાઓનું સ્વાગત કરીને ઉપસ્થિત અનિષ્ટ શક્તિઓ ઉપર વિજય પ્રાપ્ત કરવા પ્રાર્થના કરવામાં આવે છે.

એક બીજી માન્યતા અનુસાર આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણે રાધાજી ઉપર રંગ લગાડ્યો હતો. તેથી આ દિવસને રંગ પંચમી તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે બરસાનામાં તેમના મંદિરમાં શ્રીકૃષ્ણ અને રાધાજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. વળી એમ પણ કહેવાય છે કે આ દિવસે શ્રી કૃષ્ણે ગોપીઓ સાથે રાસલીલા કરી હતી. તેથી પણ આ દિવસનું મહત્વ વધી જાય છે.

વિશેષરૂપે રંગપંચમીનો તહેવાર ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને બિહારમાં ઉત્સાહભેર ઉજવાય છે. શ્રીકૃષ્ણ અને રાધાજીને અબીલ અને ગુલાલથી વધાવવામાં આવે છે તથા મુખ્યત્વે લોકો એકબીજા ઉપર અબીલ ગુલાલ ઉડાડીને હવામાં અદભુત રંગો વિખેરી આહલાદક દ્રશ્ય સર્જે છે. રંગ પંચમીની એક ખાસિયત એ પણ છે કે આ દિવસે કોઈ એકબીજાને સ્પર્શ કર્યા વગર અબીલ ને ગુલાલ ના રંગો હવામાં ઉછાળી દેવતાઓનું આહવાન કરે છે. સાથે એવો ભાવ રાખવામાં આવે છે કે દૈવી શક્તિઓનું સ્વાગત કરવા માટે આકાશમાં રંગોના કણો પ્રસરાવી રંગોની જાજમ પાથરવામાં આવે છે. અને આ રીતે વાયુમંડળમાં રંગ ઉડાડી બ્રહ્માંડમાં રહેલા દેવ તત્વની પૂજા કરાય છે. આમ રંગપંચમીનો દિવસ એ હોળી ધુળેટીના રંગોત્સવ પર્વનો એક વિશેષ ભાગ છ.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૨૧ માર્ચ ૨૦૨૨.

---

## NOG SS NO : 0001

પ્રકાર : ગદ્ય
વિષય : કવિતા દિવસ
(આજે બધા ની રચનાઓ જોઈ ને લખવાની કોશિશ કરું.)
વિશ્વ કવિતા દિવસ
હૃદય ની ઉર્મિઓ થી કાવ્ય...

હૃદયની ઉર્મિઓને ઠાલવી દેવાની આંતરિક મજાજ અલગ છે કવિતામાં લાંબા લેખ, નિબંધ કે વાર્તાઓ લખીને પણ હૃદયની લાગણી મન ભરીને ઠાલવી ના શકાય, એ માત્ર કવિતાની પંક્તિઓમાં જ ઠાલવી શકાય. કોઈ ગમતા ચહેરા, ગમતી આંખો, કોઈની ભાવના કે હળવા સ્મિતને પ્રેમની અભિવ્યક્તિ સાથે મુલવવાની મજા અને સંતોષ હોય તો એ કવિતામાં છે. એમાં સાચી લાગણી અને ઊંડા હૃદયનો સાચો ભાવ વ્યક્ત થાય છે. કોઈને કહેવું હોય કે હું તને સંપૂર્ણપણે સર્વગુણો સાથે ચાહું છું,ઓળખું છું,સરળ સ્વચ્છ ભાવથી જોવું છું.. એ શબ્દો દ્વારા કદાચ એટલું ના પહોંચે જેટલું કાવ્યાત્મક શૈલીમાં કહ્યું હોય....

" તારી આંખોમાં મને જે પ્રેમ,લાગણી દેખાય તે વિશાળ સમંદર, અને હું જાણે ડૂબી જાઉં એમાં ગૌરવવંતા આવકારનાં વમળની અંદર, કલ્પના કરું તો તારા કોમળ હોઠ જે બીડાયેલા છે એકમેકની અંદર , એ ખુલે સ્મિત સાથે અને હું ચૂમી લઉં જાણે ઉભરાવી લાગણીઓનો સમુન્દર, કુદરતે એવું તો શું ઘડ્યું કવિતા તારી અંદર કે સર્વ સંબંધ ભાવ હું ટુકાક્ષર માં કહી જાણું.. .પ્રત્યેક અવસ્થામાં સાચા પ્રેમ ને હરખ ની અનુભૂતિ સાથે થોડા માં ઘણું કહી જાણું તે તું મારી કવિતા....

આ વાત સીધી આરપાર હૃદયમાં ઊતરી જાય જો કવિતામાં હોય. જે વાત વાર્તા કે નિબંધમાં કે કોઈ લેખમાં લખીએ તો સીધી હૃદયમાં ના ઉતારી શકે.

એ જમાનામાં કવિ કાલિદાસ જે ઋતુઓનાં વર્ણન કરતાં જેમકે......

" અષાઢસ્ય પ્રથમ દિવસે... " તમને લાગે કે તમે ભીતરથી ભીંજાયા, કવિ શકુંતલાની વાત કરે કે કોઈ અપ્સરાની વાત કરે એમાં એ તમને ઉર્મિઓમાં ઝબોળી દે. વર્ષાની વાત એ રીતે કરે કે ટીપું તો ઠીક ક્યાંય વાદળ પણ ના હોય અને તેને શબ્દોથી ભીંજવી તરબતર કરી દે. વાચક કે ભાવકના મન હૃદયની ઉર્મિઓને સતેજ કરી દે. એ તાકાત છે કવિતામાં. બાકી દુઃખ, સાંત્વના, પ્રેમ , લાગણીનો આવેગ, ઉત્તેજના , બધું જ વ્યક્ત થાય, અને એ પણ બહુ ઓછા ભાવવાહી શબ્દોમાં.

એકરાર , ગમો અણગમો , લાગણી , તિરસ્કાર , નિમંત્રણ , વિરોધ. બધું જ એક જ ભાવે શબ્દ વગર વ્યક્ત થાય. ચહેરા , હોઠ કે આંખોથી એજ વ્યક્ત થાય કવિતામાંથી .

ટૂંકમાં કવિતા એટલે દરેક પ્રકારની લાગણીઓ ઓછા શબ્દોમાં ભાવથી વ્યક્ત કરી દે, એ મહેકતું , સરકતું સરોવર છે .

(ભૂલ કે અતિશયોક્તિ શબ્દો માં લાગે તો માફ...ટૂંક સમય માં સમજ્યો તે લખી નાખ્યું...)

સંચાલક : પ્રદીપ રાવલ

---

## NOG SS No : 100

NOG સાહિત્ય સરિતા ગ્રુપ
નામ : બીજલ જગડ
પ્રકાર - પદ્ય
વિષય : વિશ્વ કવિતા દિવસ
શીર્ષક : કવિતા એટલે

કવિતા એટલે ધકધક શબ્દોનો નાદ ,
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.

કવિતા એટલે ચશ્માની પ્રીતમાં ફૂટે યાદ,
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.
કવિતા એટલે વણબોલાતી વાતો નો સાદ,
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.
કવિતા એટલે મનની સંજીવની મહાપ્રસાદ,
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.
કવિતા એટલે અંતર થી અંતર નો નાદ
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.
કવિતા એટલે પરબ્રહ્મ સ્વયંભૂ નો સાદ
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.
કવિતા એટલે શબ્દોના ઘરેણાંનો વરસાદ,
કાગળ ને કલમ કરે સામસામે સંવાદ.
~ બીજલ જગડ
મુંબઈ ઘાટકોપર

---

## NOG SS No:0099

વિષયઃ રંગારંગ, ધુળેટી
પ્રકારઃ પદ્ય (કાવ્ય)
શબ્દોઃ ૭૧
શીર્ષકઃ કષ્ટોની હોળી

સ્વજનો સંગાથે રહે તો કષ્ટોની હોળી થાય,
પરિવારનો પ્રેમ હોય તો દરરોજ ધુળેટી થાય.
ઉરમાં ઉમંગ હોય તો જીવનમાં નવરસ ભળે,
કાર્યોમાં જોશ હોય તો સફળતા સરસ મળે.
સામર્થ્યની પાંખ મળે તો ઊડવા માટે આભ હશે,
છાતીમાં જોશ ભરો તો જીવતરમાં લાભ થશે.
આંખોમાં ચમક બતાવો તો પૂનમની રાત બનશે,
વાણીમાં માધુર્ય લાવો તો રંગોની સોગાત બનશે.
ભાવનાબેન મિસ્ત્રી "અભય" વલસાડ

---

## NOG SS NO. : 0034

વિભાગ : પદ્ય
વિષય : રંગારંગ, ધૂળેટી
શીર્ષક : ફાગણ આયો...ફાગણ આયો

રંગબેરંગી રંગોથી ખેલૈયાઓ ખેલે હોળી,
ગાયે ગાન ફાગનાં જુઓ મસ્તાની ટોળી,
ને પછી,
ઝૂમી ઝૂમી ધરતીનાં કણ-કણ બોલે,
ફાગણ આયો........ ફાગણ આયો...
સજ્યાં સોળ શણગાર અલબેલી રાધાએ,
ગોકુળિયાની સાંકડી શેરીમાં પકડી જો માધાએ,
ને પછી,
કંદબ કેરી ડાળે- ડાળો બોલે,
ફાગણ આયો......ફાગણ આયો......
કેસૂડાંનાં કેસરી વારિથી ભીંજાઈ છે રાધારાણી,
ભરી પિચકારી કાનાએ રંગી એને જાણી-જાણી,
ને પછી,
ગોકુળિયાની એક-એક ગોપી બોલે,
ફાગણ આયો..... ફાગણ આયો......
એક રંગ માણસાઈનો ભેળવીએ આ રંગથાળમાં,
મજહબની હર દિવાલોને પ્રેમથી રંગીએ આ હોળીમાં,
ને પછી,
પ્રેમથી હર એક જન-જન બોલે,
ફાગણ આયો..... ફાગણ આયો.....

-- ડૉ. રેખા શાહ

## કવિતા દિવસ

## આંતરરાષ્ટ્રીય વન દિવસે ડાંગના ૧૩૦ ગામોના ૨૯,૧૧૫ લોકોએ 'નમો વડ વન' નો સંકલ્પ વ્યક્ત કર્યો



આહવાઃ પ્રતિ વર્ષની જેમ તા.૨૧ માર્ચ ૨૦૨૨ ના દિવસે 'આંતરરાષ્ટ્રીય વન દિવસ' ની ઉજવણી દરમિયાન, રાજયમા 'નમો વડ વન'ના શુભારંભ સાથે, લોકોમા વનો પ્રત્યે જાગૃતિ આવે તે માટે ઠેર ઠેર કાર્યક્રમો આયોજિત કરાયા હતા.

દરમિયાન રાજય કક્ષાએથી મુખ્યમંત્રીશ્રીએ સવારે ૯ કલાકે, ગાંધીનગરથી તેમનુ પ્રજાજોગ ઉદબોધન રજૂ કર્યું હતુ. જેનુ બાયસેગ/સેટકોમના માધ્યમથી સૌએ રસપાન કર્યું હતુ. આ વેળા રાજયકક્ષાએ વન પર્યાવરણ મંત્રીશ્રી સહિત, અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, અને હેડ ઓફ ધ ફોરેસ્ટ ફોર્સ દ્વારા પણ, વનો અને પર્યાવરણ વિશે સમજણ આપવામા આવી હતી.

કાર્યક્રમ ઉજવણીના ભાગરૂપે ડાંગ જિલ્લામા બાયસેગ/સેટકોમ ધરાવતી કુલ–૧૩૦ શાળાઓમા ઉપસ્થિત રહેલા ૫૫૭ જેટલા મહાનુભાવો, ૧૨૦૫ જેટલા અધિકારી કર્મચારીઓ, વિધાર્થીઓ, આગેવાનો, વૃક્ષપ્રેમીઓ, તથા ગ્રામજનો મળી કુલ ૨૯,૧૫૫ લોકોએ, ઉપસ્થિત હયાત વનો પ્રત્યે પોતાનો હકારાત્મક અભિગમ જળવાઈ રહે, અને ડાંગ જિલ્લો હંમેશ માટે સંપૂર્ણ વનાચ્છાદિત રહે, તે અંગેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

ઉલ્લેખનિય છે કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને પ્રિય એવા વડના વૃક્ષોના 'નમો વડ વન' રાજયમા ઉભા કરવાના પર્યાવરણ પ્રિય હેતુસર રાજયનામુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરમાં વડનુ વૃક્ષ વાવીને, આ અભિયાનની રાજયવ્યાપી શરૂઆત કરાવી હતી. જેના પડઘા રાજય સમસ્તની જેમ છેવાડાના ડાંગ જિલ્લામા પણ પડ્યા હતા.'નમો વડ વન' અન્વયે રાજયના ૩૩ જિલ્લાઓમા આઝાદીના અમૃત મહોત્સને ધ્યાનમા રાખી, રાજયભરમા ૭૫ જેટલા વડ વન સ્થપાશે, અને પ્રત્યેક વનમા ૭૫ વડના વૃક્ષનુ વાવેતર વન વિભાગ દ્વારા કરાશે.વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ઉજવાઈ રહેલા આઝાદીના ૭૫ મા વર્ષે વન વિભાગનુ 'નમો વડ વન' નિર્માણ અભિયાન, રાજયમા વટવૃક્ષની પૌરાણિક, અને ઐતિહાસિક મહત્તા પુનઃ પ્રસ્થાપિત કરશે, તેમ નાયબ વન સંરક્ષક શ્રી દિનેશ રબારીએ પૂરક વિગતો આપતા જણાવ્યુ હતુ.

શ્રી રબારીએ, વિશ્વ આખુ ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામે ઝઝૂમે છે ત્યારે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમા આપણે વન સાથે જન જનને જોડીને, રાજયમા અલગ અલગ સ્થળોએ વનો ઊભા કર્યા છે તેમ જણાવી, વન મહોત્સવો દ્વારા વધુ ને વધુ વૃક્ષારોપણથી રાજયમા 'ગ્રીન કવર' વધારવાનો રાજય સરકાર, અને વન વિભાગે માર્ગ અપનાવ્યો છે તેમ જણાવ્યુ હતુ.

ફોરેસ્ટ સર્વે ઓફ ઈન્ડિયાના ૨૦૨૧ના અહેવાલ મુજબ રાજયમા વૃક્ષાચ્છાદિત વિસ્તારમા છેલ્લા બે વર્ષમા ૬૯૦૦ હેકટરનો વધારો થયો છે. તેમ જણાવતા નાયબ વન સંરક્ષકશ્રીએ રાજયમા ૨૦૦૩મા વન વિસ્તાર બહાર, અંદાજે ૨૫.૧૦ કરોડ વૃક્ષો હતા, તે વધીને હવે ૨૦૨૧ની વૃક્ષ ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયા છે, તેમ ઉમેર્યુ હતુ.

વનબંધુઓની આર્થિક આત્મનિર્ભરતા માટે ગૌણ વન પેદાશના વેચાણ હક્કો, પેસા એક્ટ અન્વયે સ્થાનિક આદિજાતિઓને મળ્યા છે. એટલુ જ નહીં વનક્ષેત્રમા ઉત્પન્ન થયેલા ૩૦ થી ૩૫ લાખ વાંસના વેચાણથી પણ વનબંધુઓને આજીવિકા મળી રહી છે. ત્યારે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમા બામ્બુ મિશન યોજના હેઠળ, ૫૮૯૧ હેક્ટરમા વાંસના વાવેતર માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા રૂપિયા ૨૦ કરોડની વિશેષ જોગવાઈ પણ કરી છે, તેમ પણ શ્રી દિનેશ રબારીએ રાજ્ય સરકારનો અભિગમ સ્પષ્ટ કરતા જણાવ્યુ હતુ.

ડાંગ જિલ્લો ગુજરાતનો સૌથી હરિયાળો, અને વનરાજીથી ભરપુર વૃક્ષાચ્છાદિત પ્રદેશ છે. જિલ્લામા વનોના સંરક્ષણ અને સંવર્ધનમા વ્યાપક લોક સહકાર પ્રાત કરી, વનો સાથે સ્થાનિક લોકોનુ જીવન ધોરણ ઉંચુ લાવવાનો પ્રયાસ રહેશે તેમ પણ આ વન અધિકારીએ જણાવ્યુ હતુ.કાર્યક્રમમા દક્ષિણ ડાંગ વન વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી પ્રસાદ રવિ રાધાકૃષ્ણ, સહિત મદદનીશન વન સંરક્ષકો ઉત્તર અને દક્ષિણ, તથા સ્થાનિક પરીક્ષેત્ર વન અધિકારી આહવા (પૂર્વ) અને આહવા (પ) ધ્વારા, આહવા ખાતે આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસના ખુલ્લા પટાંગણમા 'નમો વડ' અંતર્ગત વૃક્ષા રોપણ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામા આવ્યો.

નરેન્દ્ર પવાર
ડાંગ

## માવસરી બોર્ડર પર BSF જવાને ગોળી મારી આત્મહત્યા ચકચાર

બનાસકાંઠા બ્યુરો
રિપોર્ટ : દીલીપ ગોહીલ

બનાસકાંઠા જિલ્લાના સરહદી વાવ તાલુકાની આંતરરાષ્ટ્રીય સરહદ પર ફરજ બજાવતા રાજસ્થાનના બીએસએફ જવાને સોમવારે સવારે અગમ્ય કારણોસર પોતાની રાયફલથી આપઘાત કર્યો હતો. માવસરી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.ભારત-પાકિસ્તાન સરહદ પર દેશની રક્ષા બીએસએફ જવાનો કરી રહ્યા છે. ત્યારે માવસરીની હદમાં અંબાજી બીઓપીના લિંબુણી ઓપી પર જીરો પોઈન્ટ પાસે ફરજ બજાવતા રાજસ્થાનના ભોમારામ રૂગારામ (ઉં.વ.આ.૪૪, રહે.ઈન્દોખા, તા.જી.નાગોર) એ ફરજ દરમિયાન સોમવારે સવારે ૭-૩૦ વાગ્યા આસપાસ સાથી જવાન પોઈન્ટ ચેક કરવા જતાં જ ભોમારામએ પોતાની રાઈફલ વડે દાઢી પાસે જડબામાં ગોળી મારી આત્મહત્યા કરી હતી. ત્યારે સાથી જવાને માવસરી પોલીસને જાણ કરાતાં માવસરી પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી. માવસરી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. બીએસએફ જવાનો દ્વારા મૃતક જવાનના મૃતદેહને વાવ રેફરલ ખાતે પીએમ અર્થે લવાયો હતો. એફએસએલની ટીમ ઘટના સ્થળે પહોંચી રાઈફલ, ફુટેલ કારતૂસ, મેગઝીનમાંથી કારતૂસ કબજે કરી તપાસ અર્થે લઇ ગયા હતા.

# આજે પણ નર્મદાની ૭૦૦૦ કિમી કેનાલ નેટવર્ક બાકી, ખેડૂતોને ખેતર સુધી પાણી ના પહોંચવા માટે ભાજપ જવાબદાર: અમીત ચાવડા

**પાડોશી રાજયો પાસેથી નર્મદા યોજનાના ૭૨૨૫.૧૦ કરોડ લેવાના બાકી, ભાજપ શાસિત એમ.પી. સરકારની આડોડાઇ, છેલ્લા બે વર્ષમાં એકપણ રૂપિયો ના આપ્યો: અમીત ચાવડા**



ગાંધીનગર,

ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પૂર્વ પ્રમુખ, આંકલાવ વિધાનસભાના ધારાસભ્ય શ્રી અમીત ચાવડાએ આજરોજ વિધાનસભા ચર્ચામાં નર્મદા ડેમ અને રાજયમાં કથળેલી આરોગ્ય વ્યવસ્થા અંગે પ્રવચન આપતા જણાવ્યું હતું કે, "નર્મદા યોજનાનું સ્વપ્ન આઝાદી પહેલાથી આ દેશ, આ રાજ્યના દુરંદેશિ નેતૃત્વ દ્વારા જોવામાં આવ્યું હતું. પહેલા જ દિવસથી આજદિન સુધી આ મુદ્દે ક્યારેય કોઈ રાજનીતિ નહોતી કરવામાં આવી. ઈતિહાસ રહ્યો છે કે આ યોજનાના વિચારથી લઈ, તેના ખાતમુહુર્તથી લઈ, આંતરરાજ્ય જળ વિવાદો અને તેના ઉકેલ માટે પંચની રચનાથી લઈને, વર્ષો સુધી લાંબો કાનૂની વિવાદ અને ત્યાર પછી જમીન સંપાદનથી લઈ તેના પુનઃ વસન સુધીના અનેક પડકારો, પર્યાવરણવાદીઓ દ્વારા અનેક વિરોધો વચ્ચે આર્થિક સંકડામણો વચ્ચે પણ ગુજરાતની ખમીરવંતી જનતાએ હંમેશા નર્મદા યોજનાને જીવાદોરી માની છે. કઈ રીતે નર્મદા યોજનાનું સ્વપ્ન સાકાર થાય અને તેના નામે ફક્ત રાજનીતિ કે પબ્લીસીટી કરવાના બદલે છેવાડાના માનસ સુધી પીવાનું પાણી પહોંચે, તેથી વિશેષ ખેતરો સુધી પાણી પહોંચે જેના દ્વારા રાષ્ટ્ર અને રાજ્ય સમૃદ્ધ થાય તેના માટેનો ભૂતકાળમાં સહિયારો પુરુષાર્થ થયો છે.

મને આનંદ છે કે ૨૦૦૪ થી આ વિધાનસભા ગ્રહમાં સભ્ય તરીકે અંદાજપત્રની ચર્ચાઓમાં ભાગ લેવાની તક મળી છે. આ યોજનાની શરૂઆતથી લઈને ૨૦૦૧ સુધી ક્યારેય કોઈ સરકાર દ્વારા કે રાજકીય પક્ષ દ્વારા આ નર્મદા યોજનાના નામે રાજનીતિ કરવામાં નથી આવી કે આ નર્મદા યોજનાનો પોતાના રાજકીય એજન્ડા માટે, મતો માટે પણ ઉપયોગ નથી કરવામાં આવ્યો પણ દુઃખ સાથે કહેવું પડે કે ૨૦૦૧ પછી આ રાજ્યની ભાજપની સરકાર દ્વારા આ નર્મદા યોજનાનો મુખ્ય હેતુ તેને ઝડપથી પૂર્ણ કરીને લોકોને લાભ આપવાને, લોકોને સમૃદ્ધ કરવાને, રાજ્ય ને રાષ્ટ્રને સમૃદ્ધ કરવા માટેની ઈચ્છાશક્તિ દાખવવાના બદલે ફક્ત આ યોજનાના નામે રાજકીય લાભ કઈ રીતે લેવાય તેવા જ પ્રયત્નો કર્યા છે."

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "હું જોતો હતો કે વખતોવખત જયારે અંદાજપત્રની ચર્ચાઓ દરમિયાન આ ગુહમાં કહેવાયું ૨૦૦૩-૦૪ માં નાણામંત્રી દ્વારા પ્રવચનમાં તેમ કહેવાયું હતું કે નર્મદા કમાંડ વિસ્તારમાં આવેલા વધારાનું પાણી વહી જાય છે, વેડફાઈ જાય છે, તેથી તેના માટે ઝડપથી નેટવર્ક કરીશું અને છેવાડાના ખેતરો સુધી પાણી પહોંચાડીશું.

૨૦૦૬-૦૭ નું વર્ષ ચૂંટણીનું વર્ષ હતું. પાણી ખેતર સુધી ના પહોંચ્યું પણ ચૂંટણીના એજન્ડા તરીકે ૨૦૦૬-૦૭ ના પ્રવચનમાં કહેવાયું કે જળ વ્યવસ્થાપનનો ઉલ્લેખ કરીને માતૃગયા તીર્થસ્થાન તરીકે પ્રસિદ્ધ સિદ્ધપુર ખાતે સરસ્વતી નર્મદા મહાસંગમ કરવાનો શ્રેય અમે લઈએ છીએ તેવી ઘણી મોટી જાહેરાતો થઈ. આજ સુધી કોઈને પણ તેવો વિચાર નહીં આવ્યો હોય પરંતુ આ સરકારના કોઈ ફળદ્રુપ ભેજાની ઉપજ રૂપે નદીમાં પ્લાસ્ટિક પાથરવામાં આવ્યું અને પ્લાસ્ટિક પાથરીને ચૂંટણી પ્રચારની સભા તરીકે નદી ભરવામાં આવી હતી. ઉત્તર ગુજરાત અને સિદ્ધપુરના વતનીઓને એમ થયું કે નર્મદા માતા અમારા સિદ્ધપુર સુધી પહોંચ્યા છે, આવનારા દિવસોમાં અમારા ખેતરો સુધી પહોંચશે. ચૂંટણી પૂરી થઇ ગઈ, મતો લેઈ ગયા પરંતુ આજે પણ સિદ્ધપુર ખાતે સરસ્વતી નદી સુકીભઠ્ઠ દેખાય છે. મને યાદ છે કે ૨૦૦૭-૦૮ ના અંદાજપત્રમાં કહેવામાં આવ્યું હતું કે સરદાર સરોવર યોજના ૨૦૧૦ દરમિયાન પૂર્ણ કરવાનો ગોલ્ડન ગોલ નક્કી કરવામાં આવ્યો છે અને આ યોજના પૂર્ણ કરીશું. છેક કચ્છથી લઈને ગુજરાતના તમામ લોકોના ખેતરો સુધી પાણી પહોંચાડીશું. આજે દુઃખ સાથે કહેવું પડે કે કચ્છ કે છેવાડાના વિસ્તારના લોકો આજેપણ આ નર્મદાના નીરના દર્શન કરવા માટે તેના ખેતરોમાં સિંચાઈ માટેની રાહ જોઈને બેઠા છે. તેનું નેટવર્ક પૂર્ણ કરવાનું હતું."

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "હું માનું છું કે વખતોવખત વિવાદો પણ થયા અને તેના માટે અનેક પર્યાવરણવાદીઓએ આંદોલનો કર્યા અને તેની સામે બધા સાથે મળીને ખુબ લડયા. આ સરકારને આર્થિક તકલીફ આવી ત્યારે ગુજરાતના અને આખા વિશ્વમાં વસતા ગુજરાતીઓએ બોન્ડના માધ્યમથી આ સરકારની તિજોરી છલકાવી દીધી હત. ક્યારેય તે કામ અટકવા નહોતું દીધું. જયારે અહીંથી રાજનીતિ થતી, તત્કાલીન મુખ્યમંત્રી કેન્દ્ર સરકાર પર આક્ષેપ કરતા હતા ત્યારે આજે અમે ગર્વ સાથે કહીએ છીએ કે તત્કાલીન વડાપ્રધાનશ્રી મનમોહનસિંહજીએ જે ભાજપની મધ્યપ્રદેશ અને અન્ય સરકારો દ્વારા પુનઃવસન યોગ્ય રીતે કરવામાં નહોતું આવ્યું તેના કારણે ટ્રીબ્યુનલ દ્વારા ઉંચાઈ વધારવાની મંજુરી નહોતી મળતી તેવા સમયે તત્કાલીન વડાપ્રધાનશ્રીએ, કોંગ્રેસની સરકાર ટ્રીબ્યુનલ સમક્ષ બાંહેધરી આપી અને તેના કારણે ઉંચાઈ વધારવાની મંજુરી પણ મળી હતી.

ત્યારે કોંગ્રેસે ક્યારેય કોઈ રાજનીતિ નહોતી કરી. પોસ્ટરો, હોર્ડિંગ્સ છપાવીને જાહેર સભા કે વધામણાના કાર્યક્રમ કરવાનો પ્રયત્ન નહોતો કર્યો. એટલા માટે કે આ આપણા બધાની સંયુક્ત જવાબદારી છે પણ આજે મારે કહેવું પડે કે જયારે ૨૦૦૭ માં પણ ૧૨૧ મીટરની ઉંચાઈ સુધી આપણે પહોંચી ચુક્યા હતા અને આપણે જે ૧૭ મીટરના દરવાજા ફીટ કરવાના હતા તેની પ્રક્રિયાઓ બાકી હતી અને આ ઉંચાઈએ તેની ગણતરી કરીએ તો ૪.૭૨ મીલીયન એકર ફીટ પાણીનો સંગ્રહ કરવાની ક્ષમતા તે વખતે પણ હતી.

જો આપણે કેનાલોની ગૂંથણી કરી શક્ય હોત, શાખા, પ્રશાખાઓ બનાવી શક્યા હોત તો તે દિવસે પણ આપણે કચ્છ સુધી પાણી પહોંચાડી શક્યા હોત પણ આજે આટલા વર્ષો પછી પણ આપણે પાણી પહોંચાડી નથી શક્યા. ચોક્કસ પર્યાવરણવાદીઓના વિવાદ હતા, ટ્રીબ્યુનલના વિવાદ હતા. જમીન સંપાદનથી લઈને બીજી પ્રક્રિયા ચાલતી હતી પણ કેનાલનું નેટવર્ક બનાવવા માટે કોઈ નહોતું રોકી રહ્યું. આટલો લાંબો સમય થયો ત્યારે કેનાલનું નેટવર્ક કેમ ના બન્યું? તે ગુજરાતની પ્રજા આજેપણ જાણવા માંગે છે. હું માનું છું કે મંત્રીશ્રી અહી તેમની વાતમાં પણ ખુલાસો કરે."

વધુમાં શ્રી અમીત ચાવડાએ જણાવ્યું હતું કે, "આજેપણ દુઃખ સાથે કહેવું પડે છે કે લગભગ ૭ હજાર કિલોમીટર જેટલું કેનાલનું નેટવર્ક બાકી છે અને તેના કારણે આપણે આ પાણી પહોંચાડી નથી શકતા. જયારે સરદાર સાહેબે નર્મદા યોજનાનું સ્વપ્ન જોયું, આજે આપણે ગૌરવ લઈએ છીએ, સ્ટેચ્યુ ઓફ યુનિટીની વાત કરીએ છીએ પણ સ્ટેચ્યુમાં આપણે ઉપર પ્રતિમાની અટારીમાં જઈએ તો અનેક વિશ્વના પ્રવાસીઓ આવે છે, જુએ છે, ત્યારે સરદાર સાહેબ પણ વિચારતા હશે કે આ નર્મદા યોજનાનો જે પાયો નાખ્યો તે પાયો નાખ્યા પછી યોજના અમલીકરણ થયું હોત તો આ યોજનાનું પાણી છે તે ખેતર સુધી પહોંચાડવાનું હતું નહીં કે દરિયામાં વહી જવા માટે, નહીં કે મુખ્ય કેનાલોમાં વહેવડાવવા માટે પણ સરદાર સાહેબનું સ્વપ્ન હતું કે છેવાડાના ખેતર સુધી પાણી પહોંચાડવું તે આજેપણ ૨૭ વર્ષના સતત શાસન પછી પણ આ સરકાર પૂર્ણ નથી કરી શકી.

## ગાંધીનગર પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે આજે પ્રદેશ યુવા મોરચાની બેઠક યોજાઇ

**યુવા મોરચાના કાર્યકરો સંગઠનમાં સાથી કાર્યકરો સાથેનો વ્યવહાર અને કામ કરવાની શૈલીથી પાર્ટી તેમને જવાબદારી સોંપતી હોય છેઃ- શ્રી પ્રદિપસિંહ વાઘેલા**
**૨૩ માર્ચથી શહિદ દિન નિમિત્તે દરેક જીલ્લા/મહાનગર અને તાલુકામાં શહિદ સ્મારકોની મુલાકાત અને શહિદ સપ્તાહ ઉજવવામાં આવશેઃ- ડો.પ્રશાંત કોરાટ**
**ધોરણ ૧૦ અને ૧૨ના બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓને દરેક પરીક્ષાના કેન્દ્ર પર જઇ યુવા મોરચાના કાર્યકરો શુભેચ્છા પાઠવશેઃ- ડો.પ્રશાંત કોરાટ**
**ડો.બાબા સાહેબ આંબેડકરજીની જન્મજયંતી નિમિત્તે ભાજપા યુવા મોરચા દ્વારા સરકારની યોજનાના લાભાર્થીઓ સાથે મુલાકાત તેમજ સરકારી યોજનાના વિકાસલક્ષી કેમ્પનું આયોજન કરવામાં આવશેઃ- ડો.પ્રશાંત કોરાટ**
**દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને તેમના વતન ગુજરાતમાં રૂડો આવકાર આપવા યુવા મોરચાના કાર્યકરોએ ખૂબ સારી કામગીરી કરીઃ- શ્રી પંકજભાઇ ચૌધરી**



ગાંધીનગર,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ" ખાતે આજે પ્રદેશ યુવા મોરચાની બેઠક પ્રદેશ યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ.પ્રશાંતભાઇ કોરાટની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં યુવા મોરચાના પ્રદેશ મહામંત્રીશ્રી ડૉ. નરેશભાઇ દેસાઇ, મહામંત્રીશ્રી ઇશાનભાઇ સોની, યુવા મોરચાના રાષ્ટ્રીય કારોબારી સભ્યો, યુવા મોરચાની પ્રદેશની ટિમ, જિલ્લા પ્રમુખ, પ્રભારીશ્રીઓ, યુવા મોરચાના પ્રદેશ કારોબારી સભ્યશ્રીઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

બેઠકમાં પ્રદેશ મહામંત્રીશ્રી પ્રદિપસિંહ વાઘેલાજીએ જણાવ્યું કે, ભારતીય જનતા પાર્ટીના યુવા મોરચામાં કામ કરી કાર્યકરો રાજકીય કારકિર્દીમાં આગળ વધે છે. યુવા મોરચાના કાર્યકરોમાં દિન પ્રતિદિન નવા સંગઠનના કામથી યુવા કાર્યકરોમાં રહેલી કામ કરવાની પ્રતિભા ઉજાગર કરવાનો પ્રયત્ન ભાજપા દ્વારા કરવામાં આવે છે. યુવા મોરચાના કાર્યકરો સંગઠનમાં સાથી કાર્યકરો સાથેનો વ્યવહાર અને કામ કરવાની શૈલીથી પાર્ટી તેમને જવાબદારી સોંપતી હોય છે. દરેક યુવા કાર્યકર્તાને પક્ષ દ્વારા જે પણ કાર્ય સોપવામાં આવે તેને જવાબદારી પુર્વક કરવા હાંકલ કરી.

આ બેઠકમાં યુવા મોરચાના કાર્યકરો દ્વારા આવનાર દિવસમાં વિવિધ કાર્ય હાથ ધરવાના છે તેની માહિતી યુવા મોરચાના અધ્યક્ષ ડૉ. પ્રશાંતભાઇ કોરાટે મીડિયાને સંબોધતા જણાવ્યું કે, આજે યુવા મોરચાની પ્રદેશની બેઠક યોજાઇ જેમાં આગામી મહિનામાં યુવા મોરચા દ્વારા વિવિધ કાર્યો અંગે ચર્ચા કરવામાં આવી હતી. માર્ચ મહિનામાં યુવા મોરચા દ્વારા સરપંચ સન્માન કાર્યક્રમ તાલુકા મંડલના અધ્યક્ષશ્રીઓએ કર્યા હતા. સ્વચ્છતાના કાર્યક્રમો, પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના જન્મદિવસ નિમિત્તે અનેક સેવાકીય કાર્યો કરવામાં આવ્યા હતા અને આવનાર સમયમાં પણ વિવિધ કાર્યો યુવા મોરચાના કાર્યકરો હાથ ધરાશે.

શ્રી ડૉ.પ્રશાંતભાઇ કોરાટે વધુમાં જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને ગુજરાતની પાવન ધરા પર ભવ્ય આવકાર આપવા માટે યુવા મોરચાના કાર્યકરોએ ભવ્ય રોડ-શો કર્યો તે બદલ દરેક યુવા મોરચાના કાર્યકરોને અભિનંદન પાઠવ્યા. ખેલ મહાકુંભના ઉદ્ઘાટન કાર્યક્રમમાં યુવા મોરચાના કાર્યકરોએ સફળ બનાવવા માટે મહત્વનું યોગદાન આપ્યું છે. શ્રી પ્રશાંતભાઇએ જણાવ્યું કે માઇક્રોડૉનેશનમાં અનેક જીલ્લામાં યુવા મોરચાના કાર્યકરોએ સારી કામગીરી કરી જેમાં ગાંધીનગર, સુરેન્દ્રનગર, મોરબી અને મહેસાણા જીલ્લાના યુવાનોએ સારી કામગીરી કરવા બદલ વિશેષ અભિનંદન પાઠવ્યા.યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ.પ્રશાંતભાઇ કોરાટે આગામી કાર્યક્રમો અંગે વધુમાં જણાવ્યું કે, યુવા મોરચા દ્વારા આગામી સમયમાં ૨૩ તારીખથી શહિદ દિન નિમિત્તે દરેક જીલ્લા/મહાનગર અને તાલુકામાં શહિદ સ્મારકોની મુલાકાત અને શહિદ સપ્તાહ ઉજવવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત શાળા, કોલેજો, હોસ્પિટલોમાં જઇ યુવા મોરચાના કાર્યકરો સ્વચ્છતાના કાર્યક્રમ હાથ ધરશે. ધોરણ ૧૦ અને ૧૨ બોર્ડની પરિક્ષા આપનાર દરેક વિદ્યાર્થીઓને પરિક્ષાના કેન્દ્ર પર જઇ યુવા મોરચાના કાર્યકરો શુભેચ્છા પાઠવશે. ૬ એપ્રિલે ભાજપાનો ૪૩મો સ્થાપના દિન નિમિત્તે યુવા મોરચા દ્વારા જનસંઘના પાર્ટીના આગેવાનોના ઘરે જઇ માર્ગદર્શન મેળવવામાં આવશે અને તેમનું સન્માન કરશે. તા. ૧૪ એપ્રિલ ડૉ.બાબા સાહેબ આંબેડકરજીની જન્મજયંતી નિમિત્તે ભાજપા યુવા મોરચા દ્વારા સરકારની યોજનાના લાભાર્થીઓ સાથે મુલાકાત તેમજ સરકારી યોજનાના કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે તેમજ યુવા મોરચા દ્વારા "આઝાદી કા અમૃત મહોત્સવ" ઉજવાય રહ્યો છે ત્યારે દરેક જીલ્લા મહાનગરમાં બાઇક રેલી દ્વારા યાત્રાનું આયોજન કરવામાં આવનાર છે. ગામડાઓમાં શક્તિકેન્દ્ર પર જઇ વિર શહિદોના ઘરની મુલાકાત લેવાનું આયોજન હાથ ધરાશે તેમ જણાવ્યું હતું.

યુવા મોરચાના અધ્યક્ષશ્રી ડૉ.પ્રશાંતભાઇ કોરાટે વધુમાં જણાવ્યું કે, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દર મહિનાના છેલ્લા રવિવારે મન કી બાત કાર્યક્રમ થકી દેશવાસીઓને સંબોધન કરતા હોય છે. આ કાર્યક્રમ બુથ સહ યોજવા તેમજ કાર્યક્રમ પૂર્વે સવારે ૧૦ થી ૧૧ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ પુર્ણ કરી મન કી બાત કાર્યક્રમ સાંભળવો અને કાર્યક્રમ પુર્ણ થયા પછી કાર્યકરો સાથે સંવાદ કરવો તેમજ ટીફિન બેઠક યોજવા હાંકલ કરી.

પ્રદેશ મંત્રી અને યુવા મોરચાના પ્રભારીશ્રી પંકજભાઇ ચૌધરીએ બેઠકમાં સંબોધન કરતા જણાવ્યું કે, યુવા મોરચાના કાર્યકરો માટે વિસ્તારક તરીકે કામ કરવું એ મોટી તક છે.

## ગુજરાત સરકાર દ્વારા શહિદ પરિવારો ને ચુકવવા માં આવતી સહાય રકમ તથા પેન્શન રકમમાં યોગ્ય વધારો કરવા માંગ

**યુવા કોળી સમાજ નાં પ્રદેશ પ્રમુખ રસિક ચાવડા અને પ્રદેશ મહામંત્રી અજય શિયાળ દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ને રજૂઆત કરી**

તા. ૨૨ ગાંધીનગર

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શહિદ પરિવારો ને યોગ્ય સહાય રકમ અને પેન્શન રકમ ચુકવવામાં આવે તેવી માંગ સાથે યુવા કોળી સમાજ ગુજરાત નાં પ્રદેશ પ્રમુખ રસિક ચાવડા અને પ્રદેશ મહામંત્રી અજય શિયાળ દ્વારા મુખ્યમંત્રી કાર્યાલય સહિત ગૃહમંત્રી,ચીફ સેક્રેટરી,અધિક સચિવ ગૃહ વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ, સૈનિક કલ્યાણ અને પુનઃસ્થાપન બોર્ડ સહિતના વિભાગો માં રૂબરૂ રજૂઆત પત્ર માં જણાવવાનું છે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીશ્રી જવાન રાહત ફંડ માંથી ગુજરાત રાજ્ય નાં વીર સૈનિકો દેશની રક્ષા કરતાં સૈનિક શહીદી વ્હોરે છે ત્યારે તેમના પરિવારજનોને ફક્ત રૂ. ૧ લાખ જેવી રકમ ચુકવવામાં આવે છે. તેમજ પરિવારનાં વારસદારો ને રૂ. ૫૦૦-૧૦૦૦ પેન્શન રકમ ચુકવવામાં આવે છે. જે રકમો હાલની પરિસ્થિતિ પ્રમાણે ખૂબ ઓછી છે તેમ કહી શકાય. તેમજ અન્ય રાજ્યોમાં રાજ્ય સરકાર દ્વારા શહિદ પરિવારો ને ચુકવાતી સહાય રકમ આ મુજબ છે દિલ્હી સરકાર રૂ. ૧ કરોડ, પંજાબ સરકાર રૂ.૫૦, રાજસ્થાન-મધ્યપ્રદેશ સરકાર રૂ. ૨૫ લાખ, મહારાષ્ટ્ર સરકાર રૂ. ૧૦ લાખ ની રકમ શહિદ પરિવારો ને ચુકવે છે જ્યારે ગુજરાત રાજ્ય સરકાર ફક્ત રૂ. ૧ લાખ સહાય ચુકવવામાં આવે છે. જે રકમમાં યોગ્ય વધારો કરી શહિદો ને ખરાં અર્થમાં શ્રધાંજલિ અર્પણ કરવામાં આવે તે જરૂરી છે. દેશની રક્ષા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરનાર સૈનિકો નાં માતાપિતા કે પત્ની અથવા વારસદારો ને શહિદી બાદ યોગ્ય સહાય રકમ અને પેન્શન રકમ ચુકવવામાં તેવી માંગણી સાથે રજૂઆત કરી હતી.

## મોડાસા ખાતે ટુ તથા ફોર વ્હીલર વાહનની સીરીઝના નંબરોની જાહેર હરાજી કરાશે

અરવલ્લી ,

અરવલ્લી જીલ્લાની મોટરિંગ જનતાને સરકારશ્રીના મોટર વાહન ખાતાના તા ૧૨ ઓક્ટોબર ૨૦૧૭ના પરિપત્ર મુજબ હવે અગાઉ મેન્યુઅલ ચાલતી ઓક્શન પ્રક્રિયાને બંધ કરી સરળ, નિષ્પક્ષ, પારદર્શક અને ઝડપી ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયાનું અમલીકરણ કરવાનું થયું છે. જેના ભાગરૂપે એ આર.ટી.ઓ મોડાસામા ટુ વ્હીલર તથા ફોર વ્હીલર વાહનો માટે શરુ થયેલ નવી સીરીઝ GJ.31.P, GJ.31.M, GJ.31.N અને GJ.31.T 0001 થી ૯૯૯૯ નંબરો માટેની ઓનલાઈન ઈ-ઓક્શન પ્રક્રિયા માટે પસંદગી નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોને તેમના વાહનનું રજીસ્ટ્રેશન કરાવીને પસંદગી નંબર મેળવવા આગામી તારીખ ૨૪ માર્ચ ૨૦૨૨ થી ૨૬ માર્ચ ૨૦૨૨ સુધી પાયાની રકમ ઓનલાઈન ભરી ઓનલાઈન એપ્લીકેશનમાં અરજી કરવાની રહેશે. તા.૨૭ માર્ચ ૨૦૨૨ થી સવારે ૧૨.૦૦ થી તા. ૨૮ માર્ચ સવારે ૧૧.૫૯ સુધી વાહન માલિકોએ પોતે પસંદ કરેલ નંબર માટેની ઓક્શન પ્રક્રિયામાં ઓનલાઈન બિડિંગમાં ભાગ લેવાનો રહેશે. આ બિડિંગ પ્રક્રિયામાં અરજદાર પસંદ કરેલ નંબર ટુ-વ્હીલર માટે રૂ.૨૦૦૦/- અને ફોર વ્હીલર માટે રૂ.૮૦૦૦/- ના ગુણાંકમાં બિડાણ કરવાની રહેશે.તા.૨૮ માર્ચ ૨૦૨૨ ના રોજ સાંજે ૦૫.૦૦ કલાકે ઓનલાઈન હરાજીમાં સફળ થયેલ ઉમેદવારને નંબર ફાળવી દેવામાં આવશે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.